પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૩/૧૧/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ કારતક સુદ-૧૨ વર્ષ : ૧૫ અંક : ૨૭૮

**સુવિચાર**

ઉદારતા તિજોરીમાંથી નથી પ્રગટતી એ તો હૃદયની સમજમાંથી પ્રગટે છે. માણસ આપવામાં કંજૂસ પણ લેવામાં ઉદાર હોય છે.

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
નોંધઃ હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
ડો.જય માકડીયા યુરોલોજીસ્ટ
તારીખ : ૧૪-૧૧-૨૦૨૪,ગુરૂવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
Prostate Cancer
■ કીડની ■ પ્રોસ્ટેટ ■ પથરી
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૨૩૦૦૦

## હજારો રત્ન કલાકારો અન્ય કામકાજમાં વ્યસ્ત બનવાનું વિચારે છે

# અમરેલી જિલ્લાનાં આશાસ્પદ યુવાનો "જાયે તો જાયે કહા" ની સ્થિતિમાં

**જિલ્લામાં ખેતી બાદ સૌથી વધુ રોજગારી આપતાં હીરા ઉદ્યોગને કોઈ પ્રોત્સાહન જ મળતું નથી**

**સુરતમાં હીરા અને ટેકસટાઈલ ઉદ્યોગમાં આવેલ મંદીનાં લીધે અમરેલી જિલ્લામાં પણ આર્થિક પ્રશ્ન ઉભો થયો**

**આઝાદીનાં ૭૭ વર્ષ બાદ પણ તમામ પક્ષોની સરકાર જિલ્લામાં ઔદ્યોગિક વિકાસ કરી શકી નથી**

**અધુરામાં પુરૂ ઓનલાઈન વેચાણ કરતી જાયન્ટ કંપનીનાં કારણે જિલ્લાનાં નાના વેપારીઓ પણ મુશ્કેલીમાં મુકાયા**

અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લામાં આઝાદીનાં ૭૭ વર્ષ બાદ તમામ પક્ષોની સરકાર ઔદ્યોગિક વિકાસ કરવામાં ઉદાસીન રહેતા જિલ્લામાં બેરોજગારીનો પ્રશ્ન વિકરાળ બની રહ્યો છે.

અમરેલી જિલ્લામાં સૌથી વધુ રોજગારી આપતા ખેતી અને હીરા ઉદ્યોગ બંનેમાં ચિંતાનો માહોલ ઉભો થયો છે. ખેડૂતોને પોષણક્ષમ ભાવો, નિયમિત વીજળી, મોંઘાદાટ બિયારણ, ડીઝલ, ખાતર, દવા અને શ્રમિકોને અપાતી રકમનાં ભાવમાં તોતીંગ વધારો થયો છે.

સાથોસાથ અતિવૃષ્ટિ અને વાવાઝોડા જેવી કુદરતી આફત અને દીપડા, સિંહ, જંગલી ભૂંડ, નીલગાયની સમસ્યા અને ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષણ, માર્ગો, આરોગ્ય, પરિવહનની અપુરતી સુવિધાથી નવી પેઢીનાં યુવાનો મહાનગર તરફ દોડી રહ્યા છે.

બીજી તરફ હીરા ઉદ્યોગમાં પણ મંદીનો માહોલ હોવાથી રત્ન કલાકારો અન્ય વ્યવસાય તરફ જવા તૈયાર થઈ રહ્યા છે. કારણ કે અમરેલીનો આધાર સ્તંભ ગણાતા સુરતમાં પણ હીરા અને ટેકસટાઈલ ઉદ્યોગમાં મંદી જોવા મળી રહી છે.

તદુઉપરાંત, જાયન્ટ કંપનીનાં ગારમેન્ટ, ઈલેકટ્રોનીકસ કે જીવનજરૂરી ચીજવસ્તુઓનાં મોલ અને ઓનલાઈન વેચાણને લીધે જિલ્લાનાં નાના—મોટા વેપારીઓને અમુક તહેવારોનાં દિવસોને બાદ કરતાં નવરા બેસવાનાં દિવસો આવી રહ્યા હોય જિલ્લાની જનતા ખાસ કરીને યુવાનો માટે જાયે તો જાયે કહા જેવી સ્થિતિમાં મુકાયા છે.

## જિલ્લા ભાજપનાં પૂર્વ પ્રમુખ ડો. કાનાબારે મીઠો ચીંટીયો ભર્યો

# આ તે કેવું : ગાંધીનાં ગુજરાતમાં જેને દારૂ ના પીવો હોય તેને ના મળે, પણ જેને પીવો છે તેને દારૂ પણ મળે છે

**દારૂબંધી છે એટલે દારૂની દુકાનો કે બાર તો નથી તો એનો અર્થ એવો નથી કે દારૂ ના મળે**

અમરેલી, તા. ૧૨

દેશનાં રાષ્ટપિતા મહાત્મા ગાંધીનાં ગુજરાતમાં આમ તો દારૂનું વેચાણ, સેવન કે હેરફેર કરવી એ ગુન્હો છે. છતાં પણ જયાં માંગો ત્યાં દારૂ મળી રહ્યો છે. એમાં અમરેલી જિલ્લામાં તો દેશી—વિદેશી દારૂની નદીઓ વહે છે તેવું કહીએ તો પણ ચાલે તેવી ગંભીર સ્થિતિ જોવા મળી રહી છે અને જનપ્રતિનિધિઓ પણ દારૂનાં દુષણ વિરૂધ્ધ એકપણ શબ્દ બોલતાં નથી. તેવા સમયે ભાજપનાં જિલ્લાનાં અગ્રણી ડો. કાનાબારે સોશ્યલ મીડિયાનાં માધ્યમથી તંત્રને ચીંટીયો ભર્યો છે.


Post
Dr. Bharat Kanabar
@KANABARDr

ગુજરાતમાં દારૂબંધી જેવું કંઈ નથી તેવું માનવાવાળાની સમજણ ઓછી છે, કેમકે ગુજરાતમાં દારૂબંધીની વ્યાખ્યા અને પરિભાષા તેઓ જાણતા નથી !

અહીં દારૂબંધી છે એટલે જ રાજ્યમાં દારૂની દુકાનો કે બાર ક્યાંય જોવા મળતા નથી પણ એનો અર્થ એવો થોડો છે કે દારૂ ના મળે ? જેમને દારૂ પીવો જ હોય તે દારૂ વગર દુ:ખી થાય એવું થોડું ચાલે ?

ના પીવો હોય તેને ના મળે અને પીવો હોય તેને આરામથી મળી જાય - આ છે અમારું દારૂબંધીનું આગવું મોડેલ !!

હવે આમાં ટીકા કરવા જેવું શું છે ?

તેઓએ વાયરલ કરેલ પોસ્ટમાં જણાવેલ છે કે, ગુજરાતમાં દારૂબંધી જેવું કંઈ નથી તેવું માનવા વાળાની સમજણ ઓછી છે, કેમ કે ગુજરાતમાં દારૂબંધીની વ્યાખ્યા અને પરિભાષા તેઓ જાણતા નથી.

અહીં દારૂબંધી છે એટલે જ રાજયમાં દારૂની દુકાનો કે બાર કયાંય જોવા મળતા નથી પણ એનો અર્થ એવો થોડો છે કે દારૂ ના મળે? જેમને દારૂ પીવો જ હોય તે દારૂ વગર દુઃખી થાય એવું થોડું ચાલે?

ના પીવો હોય તેને ના મળે અને પીવો હોય તેને આરામથી મળી જાય આ છે અમારૂ દારૂબંધીનું આગવું મોડેલ, હવે આમ ટીકા કરવા જેવું શું છે?

# અમરવેલી ના.શ.સ.મં.લી. દ્વારા બાકીદારો વિરૂધ્ધ કોર્ટમાં ફરિયાદ

અમરેલી, તા. ૧૨

તાજેતરમાં અમરેલી મુકામે આવેલ અમરવેલી ના.શ.સ.મં.લી.ના મુદત વીતેલ બાકીદારો સામે મંડળીએ ચીફ જયુ.મેજી. કોર્ટમાં ચેક પરતના કામે સીધી જ ફોજદારી ફરીયાદ દાખલ કરેલ છે. જે પૈકી મહેશભાઈ મનસુખભાઈ મકવાણા, મહેન્દ્રભાઈ વિઠલભાઈ કાવઠીયા, પ્રશાંત અશોકભાઈ ગોરડ, જગદીશ બાલુભાઈ તેરૈયા, શંકર મુન્નાભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

જોઈએ છે
કોમ્પ્યુટર ઓપરેટર..........૨
CorelDraw, Photoshop, PageMaket-7,
તથા ગુજરાતી ટાઈપીંગનાં અનુભવી
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨ : ૩૦ થી ૧ : ૩૦
અમરેલી એક્સપ્રેસ
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીનાં જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન નં.૧૩૭ વેચવાની છે.
:: સંપર્ક કરો ::
શ્રી જેરામભાઈ સોહેલીયા
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
67,700/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૨/૧૧/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



મારૂતિ સુઝુકી ની કોઈપણ ગાડીના મોડેલ સૌથી વ્યાજબી કિંમતે મેળવવા...એકવાર રૂબરૂ મુલાકાત લો...
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

## વિધાનસભાના વિપક્ષી નેતા અમિત ચાવડાનાં શાબ્દિક પ્રહારો

# ગુજરાતમાં સરકારની રહેમનજર હેઠળ મેડિકલ માફિયાઓ બેફામ બન્યા છે

### કડીનાં બોરીસણા ગામે ખ્યાતી હોસ્પિટલ દ્વારા થયેલ મેડિકલ કેમ્પ બાદ થયેલ એન્જીયોગ્રાફીમાં ૨ દર્દીનાં મોત થયા

### પરિવારજનોની જાણ વગર ૧૯ દર્દીઓને અમદાવાદ ખાતે લઈ જવાયા

### ૭ દર્દીઓનાં એન્જીયોપ્લાસ્ટીનાં ઓપરેશન કરવામાં આવ્યા

### ૨ વર્ષ પહેલા હોસ્પિટલમાં ગેરરીતિ થઈ હતી અને સરકારે તપાસ ન કરતા પુનઃ ઘટના બની



ગાંધીનગર, તા. ૧૨

કડીના બોરીસણા ગામે ખ્યાતિ હોસ્પિટલમાં સારવાર માટે દર્દીઓ દાખલ થયા હતા અને ત્યારબાદ જે દુઃખદ ઘટના બની તેના પર વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમીત ચાવડા દ્વારા પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, સેવાના નામે ગોરખ ધંધાઓ ચાલી રહ્યા છે, મેડીકલ માફિયાઓ સેવાના નામે કૌભાંડો કરી રહ્યા છે તેનો દુર્ભાગ્યપૂર્ણ કિસ્સો આજે ગુજરાતમાં બન્યો છે. કડી તાલુકાના બોરીસણા ગામે ખ્યાતી હોસ્પિટલે જે મેડીકલ કેમ્પ કર્યો હતો, તેમાંથી ૧૯ લોકોને પોતાની હોસ્પિટલમાં અમદાવાદ લઈ આવવામાં આવે છે, કોઈપણ પરિવારજનને જાણ કર્યા વગર એન્જીયોગ્રાફી કરવામાં આવે છે અને સાત દર્દીઓને એન્જીયોપ્લાસ્ટીના ઓપરેશન કરવામાં આવે છે. આજે દુઃખની બાબત છે કે એ સાત પૈકી બે દર્દીઓના મૃત્યુ થયા છે અને પાંચ લોકો આજે આઈસીયુમાં જીવન–મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. મૃતકના પરિવારજનોને સંવેદના પાઠવીએ છીએ અને તેમની આત્માને શાંતિ માટે પ્રાર્થના કરીએ છીએ. પણ સવાલ એ છે કે ગુજરાતમાં આવું વારંવાર કેમ થાય છે?

વધુમાં જણાવ્યું હતું કે, "આ જ હોસ્પિટલમાં ૨૦૨૨માં પણ આવી જ રીતે ઓપરેશનમાં મૃત્યુ થયું હતું, જો સરકારે તે વખતે કડક પગલાં લીધા હોત તો આજે વધુ બે મોત ના થયા હોત. ગુજરાતમાં અગાઉ અંધાપાકાંડ પણ થયો હતો. હાલમાં જે રીતે મેડીકલ માફિયાઓ બેફામ થયા છે અને સરકારની મિલીભગતને કારણે સરકારમાં બેઠેલા લોકોના છુપા આશીર્વાદના કારણે ગુજરાતમાં લોકો મેડીકલ સેવાના નામે લુંટાઈ તો રહ્યા છે, સાથે–સાથે સરકારની યોજનાઓ કે જેમાં માં કાર્ડની યોજના અને આયુષ્યમાન કાર્ડની યોજનામાં કરોડો રૂપિયાના કૌભાંડો થઈ રહ્યા છે.

આ હોસ્પિટલના રજીસ્ટ્રેશનથી લઈને શરૂઆતથી આજદિન સુધીનો ઈતિહાસ જોઈએ તો તેમાં કોઈ સેવા કરનારા કે મેડીકલ લાઈનના લોકો નથી પણ ધંધાદારી લોકો દ્વારા આ સેવાના ક્ષેત્રને ધંધાનું ક્ષેત્ર બનાવી દેવામાં આવ્યું છે."


વધુમાં અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, 'આજની ઘટના દુર્ભાગ્યપૂર્ણ છે, સરકારની–આરોગ્યક્ષેત્રની નિષ્ફળતાઓને ઉજાગર કરનારી છે. એકતરફ જયારે ગુજરાતમાં લોકો આવા મેડીકલ માફિયાના કૌભાંડોને કારણે મોતને ભેટી રહ્યા હોય, જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે અને બીજી તરફ રાજયના આરોગ્ય મંત્રી મહારાષ્ટ્રમાં ચૂંટણીમાં વ્યસ્ત છે. આરોગ્ય મંત્રીને વિનંતી છે કે જેટલી ચિંતા મહારાષ્ટ્રમાં પોતાના પક્ષને જીતાડવા કરો છો, જેટલી મહેનત ભાજપ માટે મહારાષ્ટ્રમાં કરો છો એટલી મહેનત ગુજરાતમાં આરોગ્યક્ષેત્રે જે બદીઓ ચાલે છે, માફિયાઓ બેફામ બન્યા છે, કૌભાંડો ચાલે છે અને લોકોના જીવ જઈ રહ્યા છે તેના માટે એટલી ચિંતા કે મહેનત કરશો તો ગુજરાતના લોકોએ તમને સોંપેલી જવાબદારી સાચા અર્થમાં પરિપૂર્ણ કરો છો તેવું માનશે.

આ બનેલી ઘટના દુર્ભાગ્યપૂર્ણ છે. જે બે લોકોના મૃત્યુ થયા છે તેમના પરિવારજનોને પુરતું વળતર મળવું જોઈએ. પાંચ લોકો જે સારવાર હેઠળ છે તેમના જીવની ચિંતા કરી યોગ્ય સારવાર મળવી જોઈએ. આખા પ્રકરણ માટે જવાબદાર લોકો તથા ખ્યાતી હોસ્પિટલના સંચાલકો સામે તપાસ કરી કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે. ભવિષ્યમાં કોઈપણ જગ્યાએ સેવાના નામે કૌભાંડો ચાલતા હોય ત્યાં આવી ઘટના ના બને તે ધ્યાનમાં રાખતા કાર્યવાહી કરવામાં આવે. ભાજપ સરકારની 'ચંદા દો ધંધા લો'ની નીતિથી લોકોના આરોગ્ય અને જીવ સાથે ચેડા બંધ કરવામાં આવે."

## ધારાસભ્ય કસવાલાએ મુખ્યમંત્રીનો આભાર માન્યો

# અરે વાહ : જુના સાવર ગામે શેત્રુંજી નદીનાં કાંઠે ૯.૧૧ કરોડનાં ખર્ચે પૂર સંરક્ષણ દીવાલ બનશે

### ચોમાસાનાં ખેતીપાકોને થતી નુકસાનીનો આવશે અંત







સાવરકુંડલા, તા. ૧૨

અમરેલી જિલ્લો ખેતી આધારિત જિલ્લો છે ત્યારે સાવરકુંડલા લીલીયા પંથકમાં ખારાપાટ વિસ્તારોમાં ચોમાસામાં વ્યાપક ખેતી નુકશાનીની ફરિયાદો સાવરકુંડલાના જૂનાસાવર ગામેથી આવે છે કેમ કે શેત્રુજી નદી કાંઠાનું જૂનાસાવર ગામ વર્ષોથી ચોમાસામાં શેત્રુજી નદીના રેલમછેલ પૂર પ્રકોપથી ખેતીપાકો તબાહ થતા આવ્યા છે ત્યારે તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયા અને પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ અને ભાજપ અગ્રણી મનુભાઈ ડાવરાએ જુનાસાવર વાસીઓના ખેડૂતોની ફળદ્રુપ જમીનો પર શેત્રુજી નદીનું પાણી ફરીવળતાં હોય ને ખેતીપાક સાથે ખેતીની જમીન પણ ધોવાઈ જતી હોવાથી ધારાસભ્ય મહેશભાઈ કસવાલા સમક્ષ રજૂઆત કરીને જૂનાસાવર ગામની પૂર સંરક્ષણ દિવાલ મજબૂત બને તો પુર પ્રકોપના ભોગથી બચી શકાય જેથી ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ અધિકારીઓને સાથે રાખીને જૂનાસાવર ગામની સ્થળ તપાસ કરી અને જાતે સર્વે કર્યો ને ખેતીપાકને થતી નુકશાની સાથે ખેડૂતોની ધોવાઈ જતી મહામૂલી જમીનોની જાત તપાસ બાદ ધારાસભ્ય કસવાલાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાને જૂનાસાવર ગામે દર ચોમાસે ખેડૂતોને પડતી યાતનાઓ અંગે રજૂઆત કરતા સરકારમાંથી ૯.૧૧ કરોડની રકમથી પૂર સંરક્ષણ દિવાલ બનાવવાની સૈધાંતિક મંજૂરી મળતાં જૂનાસાવર ગામે ખેડૂતોમાં હર્ષોલ્લાસ છવાયો છે ૧૯૮૫ માં ભારે પૂર પ્રકોપથી જૂનાસાવર ગામમાં પૂરના પાણી ઘુસ્યા હતા ને ગામ વેરાન થઈ ગયેલું બાદ આજદિન સુધી દર ચોમાસે શેત્રુજી નદીમા પૂર આવે ને જૂનાસાવર વાસીઓના જીવ તાળવે ચોંટી જતા હતા પણ હવે સરકારમાંથી ૯.૧૧ કરોડની પૂર સંરક્ષણ દીવાલની સૈધાંતિક મંજૂરી મળતાં ધારાસભ્ય મહેશ કસવાળાએ સરકારનો આભાર વ્યક્ત કર્યો છે જયારે જૂનાસાવરના ખેડૂતોએ વર્ષોથી પીડાતા પ્રશ્નનું નિરાકરણ આવવાની આશાનું કિરણ પર સરકારે પ્રકાશ પાડીને ૯.૧૧ કરોડ મંજૂર કરતા ખેડૂતોના હિમાયતી ધારાસભ્ય કસવાલા પર અભિનંદનની વર્ષા થઈ રહી છે તો ભાજપના તાલુકા પ્રમુખ જીવનભાઈ વેકરીયા અને મનુભાઈ ડાવરા અને જૂના સાવરના ઉત્સાહી સરપંચ કલ્પેશ કાનાણીની જૂનાસાવર ગામ પ્રત્યેની સહાનુભૂતિ અંગે હર્ષ ખેડૂતોએ વ્યક્ત કર્યો હતો તેમ સત્વ અટલ ધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી.હીરપરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# બગસરા શરાફી મંડળી દ્વારા બાજપાઈ સહાય નિધિની રકમ ચૂકવાઈ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા ૧૨

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી. ની બગસરા શાખા ના સભાસદ ચંદુભાઈ હરિભાઈ મહેતા તથા નયનાબેન નવલશંકર વ્યાસનું આકસ્મિક અવસાન થતા તેમના વારસદારોને મંડળી તરફથી બાજપાઈ સહાય નિધિના રકમ રૂપિયા ૨૫૦૦૦નો ચેક અર્પણ કરવામાં આવેલ આ વેળાએ મંડળીના જનરલ એમ.ડી. નિતેશભાઈ ડોડીયા, એડવાઈઝરી બોર્ડ મેમ્બર હરીભાઈ ભટ્ટી. જનરલ સેક્રેટરી ડી.જી. મહેતા શાખા સેક્રેટરી હેમેન્દ્ર કટેસીયા સ્ટાફગણ હાજર રહ્યા હતા.

## અરજદારોએ ધરમનાં ધક્કા થઈ રહ્યા છે

# અમરેલી જિલ્લાની નગરપાલિકાઓમાં જન્મ મરણની નોંધનાં સોફટવેરમાં વિસંગતતા

### નાયબ દંડક દરમિયાનગીરી કરીને સમસ્યા દૂર કરાવે તેવી માંગ

દામનગર, તા. ૧૨

જન્મ – મરણની નોંધણી ફરજિયાત હોય છે તેના આધારે જ લાભાર્થીના બીજા જરૂરી કાર્ડ અને લાભ મળવાપાત્ર થતાં હોય તો સરકારી કચેરીઓમાં કામ સત્વરે થતાં હોય છે. ખૂબજ જરૂરી અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ જેમ કે નગરપાલિકાઓમાં જન્મ–મરણની નોંધ માટે આધારની જરૂર હોય છે. દામનગર શહેરમાં રહેતા આશિષભાઈ જેન્તિભાઈ મકવાણાની પુત્રીનો જન્મ તા. ૧૫/૯/૨૪નાં રોજ અમરેલીની સિવિલ હોસ્પિટલમાં થયો હતો. જેથી અમરેલી નગરપાલિકામાંથી કાઢી આપેલ જન્મના દાખલામાં નામ પહેલાં અટક લખવાને બદલે છેલ્લે અટક લખેલો દાખલો કાઢી આપેલ. આ જન્મના દાખલાનાં આધારે આશિષભાઈ મકવાણા દામનગર નગરપાલિકામાં



તેમની પુત્રી જીનલના આધારકાર્ડ કઢાવવા માટે તા. ૧૧/૧૧/૨૦૨૪ નાં રોજ આધારકાર્ડ કેન્દ્રમાં જતાં ત્યાં ઓપરેટરે જણાવેલ કે તમે લાવેલ જન્મના દાખલામાં અટક છેલ્લે લખેલ છે એટલે તમારી દીકરીનું આધાર કાર્ડ નહિ નીકળે નો જવાબ આપતા તો શું ગુજરાતની નગરપાલિકાઓમાં આધાર કાર્ડ માટે સોફટવેર અલગ–અલગ હોય છે...!!? તા. ૯/૧૧/૨૪ નાં રોજ આશિષભાઈ મકવાણા અમરેલી નગરપાલિકામાં જઈને દાખલા કાઢી આપતા રજીસ્ટ્રારને કહેતા એવો જવાબ આપેલ કે આ દાખલામાં અટક પહેલાં લખી દેવામાં નહિ આવે. તો સવાલ એ ઉઠે છે કે નગરપાલિકાઓમાં અટક માટે અલગ–અલગ નિયમો કેમ...!!? અમરેલી નગરપાલિકામાં જન્મ–મરણના દાખલા માટે ઉપયોગમાં લેવાતું કોમ્પ્યુટરમાં સોફટવેર અલગ કેમ છે..!! આવા તો કેટલાય અરજદારોને ટલ્લે ચડાવાતા હશે ..!! અમરેલીના ધારાસભ્ય–નાયબ ઉપ દંડક કૌશિકભાઈ વેકરીયા આ બાબતે અમરેલી નગરપાલિકામાં ને સરકારમાં સૂચના આપી આ મહત્વના મુદ્દાને પ્રાધાન્યતા આપી અરજદારોનો પ્રશ્ન હલ કરે એવી લાગણી છે.

























### અમદાવાદથી ચોંકાવનારા સમાચાર સામે આવ્યા

# અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં કડીના બે દર્દીના મૃત્યુ થયા

## દર્દીના સગાઓએ હોસ્પિટલમાં તોડફોડ કરી હતી. દર્દીઓના સગાઓનું કહેવું છે કે, કોઈ પણ જાણ વિના જ એન્જિયોગ્રાફી કરી દેવાઈ હતી

અમદાવાદ,તા.૧૨

અમદાવાદથી ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં કડીના બે દર્દીના મૃત્યુ થયા છે. પરિવારજનોનો આરોપ છે કે, તબીબોએ ખોટી રીતે દર્દીઓને દાખલ કરી ઓપરેશન કર્યું હતું. એટલું જ નહીં, આ દરમિયાન પરિવારજનોને પૂછ્યા વિના જ સ્ટેન્ટ પણ મૂકી દીધા હતા. આ કારણસર બે દર્દીના મૃત્યુ નિપજ્યા છે. દર્દીના સગાઓએ હોસ્પિટલમાં તોડફોડ કરી હતી. દર્દીઓના સગાઓનું કહેવું છે કે, કોઈ પણ જાણ વિના જ એન્જિયોગ્રાફી કરી દેવાઈ હતી. આયુષ્યમાન કાર્ડથી હોસ્પિટલે રૂપિયા મેળવી લીધા હતા.

ડોકટરોને ભગવાનનું બીજું રૂપ માનવામાં આવે છે કારણ કે તેઓ બીમારીઓને દૂર કરીને અને લોકોના જીવનને બચાવીને ખૂબ મહત્વપૂર્ણ કાર્ય કરે છે. પરંતુ ડૉક્ટર પરથી વિશ્વાસ ઉઠી જય તેવો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અમદાવાદની એસજી હાઈવે પર આવેલી ખ્યાતિ હોસ્પિટલમાં ભારે હોબાળો થયો છે. દર્દીઓના પરિવારજનોએ આરોપ લગાવ્યો છે કે, ‘‘આ હોસ્પિટલમાંથી પરિવારને જાણ કર્યા વગર જ દર્દીઓના ઓપરેશન કરવામાં આવ્યાં છે. જેમાં બે લોકોનાં મૃત્યુ નીપજ્યા છે.

સરકારી યોજનામાંથી રૂપિયા કમાવવા માટે આ લોકોએ અમને જાણ કર્યા વગર ઓપરેશન કરીને અમારા સ્વજનોના જીવ સાથે ચેડા કર્યા છે.કડીમાં ફ્રી કેમ્પ હોસ્પિટલ કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાંથી ૧૯ દર્દીને ખ્યાતિ હોસ્પિટલમાં સારવાર માટે બોલાવાયા હતા. અહીં તમામ દર્દીઓની તેમને પૂછ્યા વિના જ એન્જિયોપ્લાસ્ટી કરીને સ્ટેન્ટ મૂકી દેવાયા હતા. ૫ દર્દી હાલૈં ઍમાં દાખલ છે. આ તમામ ઓપરેશન ડો. પ્રશાંત વઝીરાણીએ કર્યા હતા. બનાવની ગંભીરતાને જોતા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગના વડા ડો. ભાવિન સોલંકી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણી અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પણ આ સમગ્ર બાબતે માહિતી મેળવવા માટે ખ્યાતિ હોસ્પિટલ પહોંચ્યા હતા. ઑપરેશન પહેલા હોસ્પિટલ તરફથી પરિવારને જાણ કરવામાં આવી ન હતી. તમામ લોકો અમદાવાદ આવ્યા એ પહેલા સ્વસ્થ હતા. આ ઓપરેશનના PMJAY યોજનામાંથી ૧ લાખ ૨૮ હજાર રૂપિયા કપાયા છે. ત્યારે સરકારી યોજનાનો ખોટો લાભ લેતી હોવાનો ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે.

ખ્યાતિ હોસ્પિટલની સામે સરકાર એક્શન મોડમાં આવી છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે સમગ્ર ઘટના અંગેની માહિતી મેળવીને તાત્કાલિક તપાસના આદેશ આપ્યા છે.ઁ સ્તછ૭રૂ યોજના હેઠળ એક સાથે ૧૯ વ્યક્તિઓને સ્ટેન્ટ મૂકવાની ક્યારેય પરવાનગી મળતી નથી. જેના પગલે હવે હોસ્પિટલ સામે પણ એક્શન લેવામાં આવશે.

જરૂર પડે હોસ્પિટલનું લાયસન્સ રદ કરાશે. જે ડોકટરો એ સર્જરી કરી છે તેમનું પણ લાયસન્સ રદ થઈ શકે છે.

### લાત મારતો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ

# ફોટો પડાવવા માટે પૂર્વ કેન્દ્રીય મંત્રીએ ભાજપ કાર્યકર્તાને લાત મારી

## પાટીલે એક કાર્યકરને પોતાની ફોટો ફ્રેમમાંથી દૂર રાખવા માટે લાત મારી આઘો કર્યો હતો

મહારાષ્ટ્ર,તા.૧૨

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ભાજપના નેતા રાવ સાહેબ દાનવે પાટિલ સાથે જોડાયેલી એક ચોંકાવનારી હકીકત સામે આવી છે. પાટીલે પાર્ટીના એક કાર્યકરને લાત મારી તેનો વીડિયો પણ સામે આવ્યો છે. પાટીલે એક કાર્યકરને પોતાની ફોટો ફ્રેમમાંથી દૂર રાખવા માટે લાત મારી આઘો કર્યો હતો. વીડિયોમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી લાત મારતા દેખાઈ રહ્યા છે.

સુત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે આ ઘટના સોમવારે બની હોવાનું કહેવાય છે. હકીકતમાં દાનવે પાટીલ જાલના વિધાનસભા સીટ પરથી મહાયુતિના ઉમેદવાર અર્જુન ખોટકરને મળવા ગયા હતા. તે દરમિયાન આ ઘટના બની હતી. કાર્યકર્તાનું નામ શેખ હમદ હોવાનું જાણવા મળ્યું છે.

રાવસાહેબનો જન્મ ૧૮ માર્ચ ૧૯૫૫ના રોજ મહારાષ્ટ્રના જાલનામાં થયો હતો. તેમણે J.E.S. કોલેજ, જાલના, મહારાષ્ટ્રથી ડિગ્રી મેળવી છે. તેમની રાજકીય કારકિર્દીમાં તેઓ સરપંચ, સાંસદ અને પછીમાં રાજ્યકક્ષાના મંત્રી બન્યા હતા. તેમણે ભાજપ સંગઠનમાં પણ મહત્ત્વની જવાબદારીઓ નિભાવી હતી. આ ઉપરાંત તેઓ મહારાષ્ટ્ર ભાજપના મહાસચિવ અને બે વખત ઉપાધ્યક્ષ રહી ચૂક્યા છે. તેઓ ગ્રામીણ ક્ષેત્રે જોડાયેલા નેતા તરીકે જાણીતા છે.

રાવ સાહેબ હાલમાં મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ મ્ર્તૈં મેનેજમેન્ટ કમિટીના અધ્યક્ષ છે. ત્યારે આવી સ્થિતિમાં, તેઓ મહારાષ્ટ્રમાં ભાજપના સ્ટાર પ્રચારકોમાંના એક છે અને રાજ્યના વિવિધ વિસ્તારોમાં પહોંચીને ભાજપ અને મહાયુતિના ઉમેદવારો માટે સમર્થન એકત્ર કરી રહ્યા છે. જેમાં પાટીલ જાલના સીટ પર પહોંચ્યા હતા, પરંતુ અહીં તેમણે કાર્યકર્તાને લાત મારી હતી.તમને જણાવી દઈએ કે, મહારાષ્ટ્રમાં ૨૦ નવેમ્બરે ચૂંટણી યોજાનાર છે અને ૨૩ નવેમ્બરે મતગણતરી કરવામાં આવનાર છે. મહારાષ્ટ્રમાં એક જ તબક્કામાં ચૂંટણી યોજાશે. મહારાષ્ટ્રમાં કુલ ૨૮૮ વિધાનસભા બેઠકો છે, જેમાંથી બહુમત માટે ૧૪૫ બેઠકો જરૂરી છે. ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપને ૧૦૫, શિવસેનાને ૫૬, NCPને ૫૪, કોંગ્રેસને ૪૪ અને અન્યને ૨૯ બેઠકો મેળવી હતી.

### પીએમ મોદીની મહારાષ્ટ્રની આ ત્રીજી મુલાકાત

# PM મોદીની આજે ચિમુર-સોલાપુર અને પુણેમાં રેલી

## નિર્ધારિત કાર્યક્રમ મુજબ, તેઓ પ્રથમ ચિમુરમાં બપોરે ૧ વાગ્યે જાહેર સભા કરશે આ પછી તેઓ સાંજે ૪.૧૫ વાગ્યે સોલાપુર પહોંચશે

મહારાષ્ટ્ર,તા.૧૨

આજે પીએમ મોદી મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીના પ્રચાર માટે ચિમુર અને સોલાપુર પહોંચશે. તેઓ આજે ૩ રેલીઓ કરશે. નિર્ધારિત કાર્યક્રમ મુજબ, તેઓ પ્રથમ ચિમુરમાં બપોરે ૧ વાગ્યે જાહેર સભા કરશે. આ પછી તેઓ સાંજે ૪.૧૫ વાગ્યે સોલાપુર પહોંચશે. ત્યારબાદ વડાપ્રધાન સાંજે ૬:૩૦ કલાકે પુણે જવા રવાના થશે. અહીં તેઓ મહાયુતિના ઉમેદવાર માટે સમર્થન માંગશે. જો જોવામાં આવે તો છેલ્લા એક સપ્તાહમાં પીએમ મોદીની મહારાષ્ટ્રની આ ત્રીજી મુલાકાત છે. આ પહેલા ૯ નવેમ્બરે તેમણે અકોલા અને નાંદેડમાં જાહેર સભાઓને સંબોધી હતી. આ પહેલા ૮ નવેમ્બરે પીએમ મોદીએ ધુલે અને નાસિકમાં રેલીઓ કરી હતી. મહારાષ્ટ્રમાં આ તમામ ૪ રેલીઓમાં પીએમ મોદીએ ‘જો એક છે તો સલામત છે’નું સૂત્ર આપ્યું છે. જો કે આ ચાર રેલીઓમાં પીએમ મોદીએ હજુ સુધી ઉદ્ધવ ઠાકરે અને શરદ પવાર પર નિશાન સાધ્યું નથી. તેમણે કોંગ્રેસ પર જાતિઓમાં વિભાજન કરવાનો આરોપ પણ લગાવ્યો છે.જો કે, ૧૧ નવેમ્બરે શિવસેના (UBT) નેતા ઉદ્ધવ ઠાકરેએ આરોપ લગાવ્યો હતો કે વડા પ્રધાન મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે તિરાડ ઊભી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ સંદર્ભમાં, ઠાકરેએ યવતમાળના વાનીમાં ચૂંટણી સભાને સંબોધિત કરતા કહ્યું કે મહારાષ્ટ્રમાં ‘મોદીની ગેરંટી’ કામ કરતી નથી. તેમણે કહ્યું કે, મહારાષ્ટ્રમાં માત્ર ‘હિન્દુ હૃદય સમ્રાટ’ બાલા સાહેબ ઠાકરે ચાલે છે.ઠાકરેએ એમ પણ કહ્યું હતું કે, ‘‘મને વડા પ્રધાન મોદી અને અમિત શાહ મહારાષ્ટ્રમાં રેલીઓને સંબોધિત કરવાથી કોઈ વાંધો નથી. પરંતુ જે રીતે તેઓ ‘કટંગે તો બટેંગે’ ના નારા લગાવીને હિંદુ-મુસ્લિમ વચ્ચે તિરાડ ઊભી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે તે યોગ્ય નથી.જણાવી દઈએ કે રાજ્યમાં ૨૦ નવેમ્બરે યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં શિવસેના (UBT), રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (SP), કોંગ્રેસ અને મહા વિકાસ અઘાડી (MVA)નું ગઠબંધન ભારતીય જનતાના ગઠબંધન સામે ચૂંટણી લડશે.

### આ પ્રોબ્લેમ ૨૦૨૩ના મે મહિનામાં સામે આવ્યો

# એમેઝોન કંપનીના ડેટાને હાલમાં જ હેક કરવામાં આવ્યા

## આ ન્યૂઝને પહેલા ૪૦૪ મીડિયા દ્વારા રિપોર્ટ કરવામાં આવ્યું હતું, અને ત્યાર બાદ એમેઝોનના પ્રવક્તા દ્વારા એ વાતને સ્વીકારવામાં આવી હતી.

મુંબઈ,તા.૧૨

એમેઝોન કંપનીના ડેટાને હાલમાં જ હેક કરવામાં આવ્યા છે. આ કંપનીમાં કામ કરતાં કર્મચારીઓની જાણકારી ચોરી કરવામાં આવી છે. એમાં કર્મચારીઓના ફોન નંબર, એડ્રેસ અને ઈમેલ એડ્રેસનો સમાવેશ થાય છે. આ ન્યૂઝને પહેલા ૪૦૪ મીડિયા દ્વારા રિપોર્ટ કરવામાં આવ્યું હતું, અને ત્યાર બાદ એમેઝોનના પ્રવક્તા દ્વારા એ વાતને સ્વીકારવામાં આવી હતી.એમેઝોનની સિક્યોરિટીને એક થર્ડ-પાર્ટી કંપની દ્વારા મેનેજ કરવામાં આવે છે. આ કંપનીના ડેટા ટ્રાન્સફર સિસ્ટમમાં પ્રોબ્લેમ હોવાના કારણે એ હેક કરવામાં આવ્યું હતું.

આ પ્રોબ્લેમ ૨૦૨૩ના મે મહિનામાં સામે આવ્યો હતો. એ સમયે BBC, બ્રિટિશ એરવેઝ, સોની અને અમેરિકાનું એનર્જી ડિપાર્ટમેન્ટના ડેટા પણ લીક થયા હતા. આ ડેટાને એક હેકિંગ ફોરમ પર વેચવા માટે મૂકવામાં આવ્યું હતું.

એમેઝોન દ્વારા એ વાતની પુષ્ટિ કરવામાં આવી છે કે તેમના ડેટા લીક થયા છે, પરંતુ તેમની સિસ્ટમમાં હજી સુધી કોઈ પ્રોબ્લેમ નથી આવ્યો અને એના પર કોઈ અટેક કરવામાં આવ્યો નથી. એમેઝોનના કેટલા ડેટા લીક થયા છે એ વિશે કોઈ માહિતી બહાર નથી આવી, પરંતુ સિસ્ટમ હજી પણ સિક્યોર છે.

એમેઝોનના પ્રવક્તાના જણાવ્યા મુજબ આ લીકમાં કોઈપણ કર્મચારીના સોશિયલ સિક્યોરિટી નંબર અથવા પર્સનલ ડેટા અને નાણાકિય ડેટા લીક નથી થયા. કોઈ પણ જાતના ગર્વરમેન્ટ ડોક્યુમેન્ટનો પણ આ લીકમાં સમાવેશ નથી થયો. આ હેકિંગ જેનામે થયું છે તે “Nam3L3ss’’ નામથી ઓળખવામાં આવે છે. તેણે દાવો કર્યો છે કે આ ડેટા તે ૨૫ મોટી કંપનીઓમાંથી ચોરી કર્યા છે જેમાં મેટલાઈફ, HSBC, HP અને કેનેડા પોસ્ટ જેવી ઘણી કંપનીઓનો સમાવેશ થાય છે.

### 3 નવેમ્બરે ખાલિસ્તાની સમર્થકોએ હુમલો કર્યો હતા

# હિસક પ્રદર્શનના ખતરા વચ્ચે કેનેડામાં મંદિરોનો કાર્યક્રમ રદ

## કેનેડાએ બ્રેમ્પટન ત્રિવેણી મંદિર એન્ડ કોમ્યુનિટી સેન્ટરે રવિવારે ભારતીય દૂતાવાસ દ્વારા આયોજિત જીવન પ્રમાણ પત્ર વિતરણ સમારોહ રદ્દ કરી દીધો છે

કેનેડા,તા.૧૨

કેનેડાના બ્રેમ્પટનના હિન્દુ સભા મંદિરના કોન્સ્યુલર કેમ્પમાં ૩ નવેમ્બરે ખાલિસ્તાની સમર્થકોએ હુમલો કર્યો હતો. જે બાદ ત્યાં હિંસા થઈ હતી. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ હિંસાની ટીકા કરીને કેનેડાના સત્તાધીશોને યોગ્ય કાર્યવાહી કરવા અપીલ કરી હતી. કેનેડાએ બ્રેમ્પટન ત્રિવેણી મંદિર એન્ડ કોમ્યુનિટી સેન્ટરે રવિવારે ભારતીય દૂતાવાસ દ્વારા આયોજિત જીવન પ્રમાણ પત્ર વિતરણ સમારોહ રદ કરી દીધો છે. ખાલિસ્તાની ધમકીઓને લઈ આ ફેંસલો લેવામાં આવ્યો છે. ભારતીય મૂળના હિન્દુઓ અને શીખોને જરૂરી જીવન પ્રમાણપત્ર રિન્યૂ કરાવવા માટે ૧૭ નવેમ્બરે કોન્સ્યુલર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.બ્રેમ્પટન ત્રિવેણી મંદિર એન્ડ કોમ્યુનિટી સેન્ટર દ્વારા જણાવવામાં આવ્યા મુજબ, ભારતીય વાણિજ્ય દૂતાવાસ દ્વારા આયોજીત જીવન પ્રમાણપત્ર વિતરણ સમારોહને રદ કરવામાં આવ્યો છે. સ્થાનિક પોલીસને મળેલી ગુપ્ત સત્તાવાર જાણકારી મુજબ, જો કાર્યક્રમ થાય તો તેમાં હિંસાત્મક પ્રદર્શન થવાનો ખતરો હતો. જેથી આ ફેંસલો લેવામાં આવ્યો છે.સામુદાયિક કેન્દ્રએ પીલ પોલીસને બ્રેમ્પટન ત્રિવેણી મંદિર સામેના જોખમોની નોંધ લેવા અને હિન્દુ સમુદાયની સલામતી સુનિશ્ચિત કરવા અપીલ કરી હતી. મંદિર પ્રશાસને કહ્યું અમે આ કાર્યક્રમ પર નિર્ભર સમુદાયના તમામ સભ્યોની માફી માંગીએ છીએ. અમને ખેદ છે કે કેનેડિયન લોકો અહીંના મંદિરોની મુલાકાત લેવાનું અસુરક્ષિત અનુભવે છે. અમે પીલ પોલીસને જાણ કરી હતી અને કેનેડામાં હિંદુ સમુદાયની સલામતી સુનિશ્ચિત કરવા અપીલ કરી હતી. પરંતુ સુરક્ષાની કોઈ ખાતરી ન મળતાં કાર્યક્રમે કેન્સલ કરવો પડ્યો છે.કેનેડાએ ગત વર્ષે ખાલિસ્તાનીદ આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટ સામેલ હોવાનો આરોપ લગાવ્યા બાદ બંને દશો વચ્ચે સંબંધ તણાવભર્યા છે. ભારતે કેનેડાની સરકારના આરોપો ફગાવી દીધા હતા.

### હાલમાં યાર્ડમાં જગ્યાની અછત સર્જાઈ

# જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડમાં નવી મગફળીની આવક બંધ કરવાનો નિર્ણય

## માર્કેટિંગ યાર્ડમાં મગફળીની આવક વધતા ૮ દિવસ માટે માર્કેટ યાર્ડ બંધ

જામનગર,તા.૧૨

જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડમાં મગફળીની આવકમાં જોરદાર વધારો થયો છે. છેલ્લા કેટલાક દિવસોમાં યાર્ડમાં મગફળી ભરેલા ૯૦૦થી વધુ વાહનો આવ્યા હતા. આ અગાઉ ક્યારેય નોંધાયેલી ન હોય તેવી આ મોટી માત્રામાં આવકને કારણે યાર્ડ ચીક્કાર ભરાઈ ગયું છે. યાર્ડમા ૮૦ હજાર ગુણી મગફળીના થપ્પા લાગ્યા, તેથી હાલમાં યાર્ડમાં જગ્યાની અછત સર્જાઈ છે, જેના કારણે નવી મગફળીની આવક બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

માર્કેટિંગ યાર્ડના સેક્રેટરીએ જણાવ્યું હતું કે, આગામી ૮ દિવસ સુધી યાર્ડમાં મગફળીની આવક બંધ રહેશે. આ દરમિયાન યાર્ડમાં પહેલેથી જ આવેલી મગફળીની હરાજી કરવામાં આવશે અને યાર્ડ ખાલી કરવાના પ્રયાસો કરવામાં આવશે. ખેડૂતોને અનુરોધ કરવામાં આવ્યો છે કે, આ દરમિયાન તેઓ પોતાની મગફળી યાર્ડમાં ન લાવે.

આ અચાનક બંધ થયેલી આવકને કારણે ખેડૂતોમાં નારાજગી જોવા મળી રહી છે. કેટલાક ખેડૂતોએ જણાવ્યું હતું કે, તેમણે પોતાની મગફળી વેચવા માટે રાત દિવસ લાંબી લાઈનોમાં ઉભા રહેવું પડ્યું હતું, તેમ છતા પરત જવું પડ્યું હતુ અને હવે આવક બંધ થઈ જતાં તેમને મુશ્કેલી પડી રહી છે.

માર્કેટિંગ યાર્ડના અધિકારીઓએ જણાવ્યું હતું કે, યાર્ડમાં જગ્યા ખાલી થયા બાદ ફરીથી મગફળીની આવક શરૂ કરવામાં આવશે. ખેડૂતોને અપીલ કરવામાં આવી છે કે, તેઓ ધીરજ રાખે અને નવી જાહેરાતની રાહ જુએ

### યુક્રેનના લોકોને ડરાવવાના રશિયાના પ્રયાસની ઝેલેન્સ્કીએ ટીકા કરી

# રશિયાનો યુક્રેન પર બૉંબ, ડ્રોન અને મિસાઇલથી હુમલો, ૬નાં મોત

## રશિયાએ ગ્લાઇડ બૉંબ, ડ્રોન અને એક બેલેસ્ટિક મિસાઇલથી સોમવારે દક્ષિણ અને પૂર્વ યુક્રેનના શહેરો પર હુમલો કર્યો હતો

કીવ, તા.૧૨

રશિયાએ ગ્લાઈડ બૉંબ, ડ્રોન અને એક બેલેસ્ટિક મિસાઈલથી સોમવારે દક્ષિણ અને પૂર્વ યુક્રેનના શહેરો પર હુમલો કર્યો હતો. આ હુમલામાં ઓછામાં ઓછા ૬ નાગરિકોના મોત થયા છે, અને લગભગ ૩૦ લોકો ઘાયલ થયા છે. ટેલીગ્રામ મેસેજિંગ એપ પર એક પોસ્ટમાં રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ કહ્યું કે, ‘‘પ્રત્યેક દિવસ, પ્રત્યેક રાત, રશિયા એક જ પ્રકારનો આતંક કરે છે.’’ રશિયાએ તાજેતરમાં જ યુક્રેન પર હુમલાઓ તેજ કરી દીધા છે. આ દરમિયાન યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ કહ્યું કે, ‘‘યુક્રેનના લોકોને ડરાવવા અને યુદ્ધને ચાલું રાખવાની તેમની ઈચ્છાને ઓછી કરવા માટે આ એક સ્પષ્ટ પ્રયાસ છે, જે પોતાના ૧૦૦૦ દિવસીય માઈલસ્ટોન નજીક પહોંચી રહ્યો છે.’’યુક્રેનના અધિકારીઓએ જણાવ્યું કે, રશિયાએ ડ્રોનથી માયકોલાઈવ પર હુમલો કર્યો, જેમાં પાંચ લોકોના મોત થયા અને એક ૪૫ વર્ષીય મહિલા ઘાયલ થઈ છે. આ હુમલા પછી લગભગ બે ડઝન લોકોએ મનોવૈજ્ઞાનિક મદદ માંગી, જેમાં તેમના ઘર અને દુકાનોને વ્યાપક નુકસાન પહોંચ્યું છે.

જ્યારે જાપોરિજિજયા શહેર પર ત્રણ શક્તિશાળી ગ્લાઈડ બૉંબ ફેંકવામાં આવ્યા, જેમાં એક વ્યક્તિનું મોત અને ૨૧ લોકો ઘાયલ થયા હતા.

જ્યારે ઝેલેન્સ્કીના ગૃહનગર ક્રિવી રિહમાં એક પાંચ માળની બિલ્ડિંગ પર રશિયાએ બેલેસ્ટિક મિસાઈલથી હુમલો કર્યો, જેમાં આઠ લોકો ઘાયલ થયા હતા. અહીંયા નોંધવું રહ્યું કે, રશિયા અને યુક્રેન બંને રાહ જોઈ રહ્યા છે કે જાન્યુઆરીમાં ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિનો પદભાર સંભાળ્યા પછી અમેરિકા યુદ્ધ પર કેવી નીતિ અપનાવે છે. અમેરિકા યુક્રેનને સૈન્ય મદદ કરનાર સૌથી મોટો દેશ છે, પરંતુ ટ્રમ્પે કીવ(યુક્રેન)ને અબજો ડોલરની સહાય કરવાની બાઈડન સરકારની ટીકા કરી છે.

‘‘અમરેલી એકસપ્રેસ’’
અમરેલી શહેરમાં આપને ‘‘અમરેલી એકસપ્રેસ’’ દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

# અમરેલી : મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ, બી.એ. સેમ.૦૨નું ઉજજવળ પરિણામ



અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં । આવે છે.

અમરેલી, તા. ૧૨

અમરેલી શહેરની મધ્યમાં, ચિતલ રોડ ઉપર છેલ્લા ૩૩ વર્ષથી કાર્યરત, શિક્ષણક્ષેત્રે તથા સામાજીક સેવાના ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદાન કરતી, એકમાત્ર ગ્રાન્ટેડે માતુશ્રી મોંઘીબા મહિલા આટસ કોલેજ, અમરેલીમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા જુન ૨૪માં આયોજીત બી.એ. સેમ.૨ની પરીક્ષામાં નીચે દર્શાવેલ વિદ્યાર્થીનીઓએ પ્રથમ ત્રણ ક્રમાંક પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધારેલ છે.પ્રથમ : મહેતા પ્રાંજલ સંજયભાઈ દ્વિતિય : પરમાર મોનીકા કરસનભાઈ તૃતીય : સૈયદ સીમાબાનું મહેબુબઅલીકુલ પાસ થયેલ ૧૧૧ માંથી ૧૧૦ વિદ્યાર્થીનીઓએ ફર્સ્ટ કલાસ અને ડિસ્ટીંકશન મેળવીને સંસ્થાને વિશેષ ગૌરવ પ્રાપ્ત કરાવ્યું છે. ઉર્તીણ થનાર તમામને તથા વિશેષ સિધ્ધિ પ્રાપ્ત કરનાર પ્રથમ ત્રણ નંબર મેળવનાર વિદ્યાર્થીનીઓને તથા અંગ્રેજી ડિપાર્ટમેન્ટ અમરેલી જીલ્લા વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી કિશોભાઈ મહેતા, મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખૂંટ તથા કેમ્પસ ડાયરેકટર વી.એન.પેથાણી, ઈન્ચાર્જ આચાર્ય ડો.બી.આર.ચુડાસમા તથા સમગ્ર સ્ટાફ પરિવાર તરફથી ખૂબ ખૂબ

# બાબરા : તા. ૨૭ નવેમ્બરે તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

અમરેલી, તા.૧૨

બાબરા તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૭ નવેમ્બર, ૨૪ને બુધવારના રોજ સવારે ૧૧ કલાકે બાબરા તાલુકા મામલતદાર કચેરી ખાતે યોજાશે.

તાલુકા કક્ષાના અધિકારવાળ ા સરકારી બાકી કામો માટે અરજદાર અંગત પ્રશ્નો રજૂ કરવા માંગતા હોય, તે નાગરિકોએ સામૂહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાયના પ્રશ્નો તા.૧૫ નવેમ્બર, ૨૪ સુધીમાં બાબરા તાલુકા મામલતદાર કચેરી ખાતે રૂબરૂ અથવા પોસ્ટ મારફતે મોકલવી.

અરજીના મથાળે ‘તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ’ અવશ્ય લખવું, તેમ બાબરા તાલુકા મામલતદારએ એક યાદીમાં જણાવ્યું.

# હંમેશાં માત્ર હિન્દુઓને જ કેમ નિશાન બનાવાય છે? ટ્રમ્પ સમર્થક રિપબ્લિકન નેતાએ ઉઠાવ્યો મુદ્દો

વૉશિંગ્ટન,તા.૧૨

હંમેશાં માત્ર હિન્દુઓને જ કેમ નિશાન બનાવવામાં આવે છે, એવો પ્રશ્ન હવે અમેરિકામાં પણ ઉઠ્યો છે. ભારતીય અમેરિકન અને ડોનાલ્ડ ટ્રમ્પના પ્રખર સમર્થક તેમજ રિપબ્લિકન પાર્ટીના નેતા વિવેક રામસ્વામીએ ઉઠાવ્યો છે. યાદ રહે, તાજેતરમાં અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણીના પ્રચાર દરમિયાન રિપબ્લિકન પક્ષના ઉમેદવાર અને હવે ચૂંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ અત્યંત પ્રખર રીતે બાંગ્લાદેશમાં હિન્દુઓ ઉપર થયેલા હુમલાનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો.

અહેવાલ મુજબ, એક અમેરિકી નાગરિકે હિન્દુ ધર્મને દુષ્ટ અને જાતિઓમાં વહેંચાયેલા સમાજ તરીકે ઓળખાવ્યો હતો. તેના જવાબમાં વિવેક રામસ્વામીએ પૂરી સભ્યતા અને વિનમ્રતાથી આ વ્યક્તિને જવાબ આપ્યો હતો. જોકે ત્યારબાદ વિવેક રામસ્વામીએ પ્રશ્ન ઉપસ્થિત કર્યો કે, શા માટે હંમેશાં હિન્દુત્વને સોફ્ટ ટાર્ગેટ બનાવવામાં આવે છે. જે લોકો હિન્દુત્વ વિશે આ રીતે જાહેરમાં બેફામ બોલી રહ્યા છે શું તેમની હિંમત છે કે અન્ય ધર્મો વિશે ટિપ્પણી કરે?અમેરિકામાં મિશનરી સંસ્થાઓ દ્વારા બિન-અબ્રાહમિક ધર્મો, તેમાંય ખાસ કરીને હિન્દુ ધર્મને બદનામ કરવાની પ્રવૃત્તિ લાંબા સમયથી ચાલે છે. હિન્દુઓને મૂર્તિપૂજક ગણાવીને તેઓ અમેરિકાની સંસ્કૃતિ સાથે અસંગત હોવાના આક્ષેપ કરવામાં આવે છે. આમછતાં ભારતમાં રહેતા તેમજ વિશ્વમાં અન્યત્ર રહેતા હિન્દુઓએ કદી આવી ટિપ્પણીઓ સામે આકરી પ્રતિક્રિયા આપી નથી

# સાંસદ કંગના રનૌતની મુસીબત વધી, આગ્રા કોર્ટે નોટિસ ફટકારી

## ખેડૂતોના આંદોલન અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને લઈને આપેલા નિવેદનનો મામલો

આગ્રા,તા.૧૨

હિમાચલ પ્રદેશની મંડી સીટ પરથી બીજેપી સાંસદ અને બોલિવૂડ અભિનેત્રી કંગના રનૌતની મુશ્કેલીઓ વધી ગઈ છે. આગ્રાની જિલ્લા અને સત્ર અદાલતે ખેડૂતોના આંદોલન અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને લઈને આપેલા નિવેદનના મામલામાં કંગના રનૌતને નોટિસ જારી કરવાનો આદેશ આપ્યો છે. કોર્ટે નોટિસ દ્વારા કંગના રનૌતનો જવાબ માંગ્યો છે.આગ્રા બાર એસોશીએશનના અધ્યક્ષ એડવોકેટ રમાશંકર શર્માએ ખેડૂતોના આંદોલન અને મહાત્મા ગાંધી વિશેની ટિપ્પણીઓના મામલે કંગના રનૌત વિરુદ્ધ આગ્રા કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. આજે મંગળવારે આ મામલામાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી, ત્યારબાદ કોર્ટે નોટિસ જારી કરવાનો આદેશ આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે, બાર એસોસિએશનના પ્રમુખ એડવોકેટ રમાશંકર શર્માએ ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સ્પેશિયલ કોર્ટ ર્ઁ સ્ન્છ કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. તેમણે કંગના રનૌત વિરુદ્ધ ખેડૂતો અને રાષ્ટ્રપિતાનું અપમાન કરવા બદલ દેશદ્રોહનો કેસ દાખલ કર્યો છે.ઉલ્લેખનીય છે કે, ૨૦૨૧માં કંગના રનૌતે ખેડૂતોના આંદોલન અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને લઈને નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, ગાલ પર થપ્પડ મારવાથી ભિક્ષા મળે છે, સ્વતંત્રતા નહીં. કંગનાએ કહ્યું હતું કે, દેશને વાસ્તવિક આઝાદી ૨૦૧૪ પછી મળી છે. તેમજ ખેડૂતોના આંદોલનને લઈને કહેવામાં આવ્યું હતું કે કૃષિ કાયદાના વિરોધમાં ખાલિસ્તાની આતંકવાદીઓ સામેલ છે. આ બંને નિવેદનો બાદ કંગનાનો જોરદાર વિરોધ થયો હતો.

### મીડિયા રિપોર્ટ્સને રશિયાએ ફગાવ્યા

# ટ્રમ્પ અને પુતિન વચ્ચે કોઈ વાતચીત થઈ જ નથી

**ડોનાલ્ડ ટ્રમ્પે તેમ પણ કહ્યું હતું કે, 'હું યુદ્ધ શરૂ કરવાનો નથી, હું તે બંધ કરાવનારો છુ**

વોશિંગ્ટન, તા.૧૨

ડૉનાલ્ડ ટ્રમ્પે ચૂંટણીમાં વિજય મેળવ્યા પછી પોતાના ફ્લોરિડા સ્થિત નિવાસસ્થાનેથી પ્રમુખ પુતિનને ફોન કર્યો હોવાના અહેવાલો તદ્દન ખોટા છે તેમ ક્રેમલીને કહ્યું હતું, ક્રેમલીના પ્રવક્તા દિમિત્રી પેસકોવે વધુ સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે, 'આ તદન ખોટી માહિતી છે.'બીજી તરફ દુનિયાના સૌથી પ્રતિષ્ઠિત અખબારો પૈકીના અગ્રણી અખબાર 'વૉશિંગ્ટન પોસ્ટે' તો ખાતરીપૂર્વક કહ્યું હતું કે, નવ-નિર્વાચિત પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે તેઓના રેસીડેન્ટ કમ રીસોર્ટ ફ્લોનડલાના પામ-બીચ ઉપરના માર-એ-બાગો નગરમાંથી પ્રમુખ પુતિનનો ફોન કર્યો જ હતો. આ બનાવથી પરિચિત લોકોને ટાંકતા એ પ્રમાણે જણાવ્યું હતું.ડૉનાલ્ડ ટ્રમ્પે તેમ પણ કહ્યું હતું કે, 'હું યુદ્ધ શરૂ કરવાનો નથી, હું તે બંધ કરાવનારો છુ. તેઓએ યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીને પણ ફોન કર્યો હતો. જેમાં ઝેલેનસ્કીએ સામા અભિનંદનો પણ ટ્રમ્પને તેઓના વિજય બદલ આપ્યા હતા. સાથે ધઠધપર મોકલેલા આ મેસેજમાં ફોન કરવા માટે ટ્રમ્પનો આભાર માન્યો હતો.આમ ટ્રમ્પે પુતિને કરેલા ફોન અંગે વિરોધાભાસી વિધાનો મળી રહ્યા છે. ક્રેમ્લિન 'ના' કહે છે.

પરંતુ તે ભૂલવું ન જોઈએ કે 'રશિયામાં અર્યન કર્ટન' હજી સંપૂર્ણ દૂર નથી થયો. નિરીક્ષકો તેવું પણ અનુમાન બાંધે છે કે, ટ્રમ્પે કદાચ ઝેલેનસ્કીને યુક્રેનના રશિયનભાષી પૂર્વ અને દક્ષિણ પૂર્વના વિસ્તારો રશિયાને સોંપી દેવા અનુરોધ કર્યો હશે પરંતુ ઝેલેન્સ્કી એક ઈંચ પણ જમીન છોડવા તૈયાર નથી.

બીજી તરફ ટ્રમ્પે પુતિન સાથેની વાતચીતમાં યુરોપમાં રહેલા વિશાળ અમેરિકી દળોનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે, 'તેમની સલામતી મારી સહજ પ્રાથમિકતા છે.' પુતિને શું જવાબ આપ્યો તે જાણી શકાયું નથી પરંતુ એક વાત નિશ્ચિત તરી આવે છે કે, ટ્રમ્પ પુતિનને ફોન કર્યા વગર રહી શકે જ નહીં. તેઓએ દુનિયાના ૭૦ દેશોના અગ્રણીઓને તેઓને આપેલા અભિનંદનો બદલ સામા ફોન કર્યા હતા. તે પૈકી નરેન્દ્ર મોદીને સૌથી પહેલો ફોન કર્યો હતો.

### સરકારી શાળાના શિક્ષકો માટે વધુ એક મોટા સમાચાર

# શાળાઓના શિક્ષણ સહાયક અને મદદનીશ શિક્ષકોની બદલીના નિયમો જાહેર કરવામાં આવ્યાં

**શિક્ષણ સહાયક અને મદદનીશ શિક્ષકે પોતાની મૂળ નિમણૂકના જિલ્લા કચેરી મારફતે અરજી કરવાની જોગવાઈ કરવામાં આવી છે**

અમદાવાદ,તા.૧૨

શિક્ષણ મંત્રી કુબેર ડિંડોર દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, રાજ્ય સરકાર દ્વારા માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયક/ મદદનીશ શિક્ષકોની બદલીના નિયમો જાહેર કરવામાં આવ્યા છે. જેમાં શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષક જેમની ઓછામાં ઓછી ૨ વર્ષની સેવા પૂરી થઈ હોય તેઓએ જિલ્લા બદલી માટે ઓનલાઈન અરજી કરવાની રહેશે. શિક્ષણ સહાયક અને મદદનીશ શિક્ષકે પોતાની મૂળ નિમણૂકના જિલ્લા કચેરી મારફતે અરજી કરવાની જોગવાઈ કરવામાં આવી છે.શિક્ષણ સહાયક અને મદદનીશ શિક્ષકોએ જિલ્લા શિક્ષણ અધિકારી તેમજ શાળાના આચાર્ય દ્વારા પ્રમાણિત કરેલી અરજીને કમિશનરની શાળાઓની કચેરીએ મોકલવાની રહેશે. નિયત સમય મર્યાદામાં અરજીઓ મળ્યા બાદ કમિશનર શાળાઓની કચેરી દ્વારા રાજ્ય કક્ષાની વિભાગ અને વિષયવાર કામચલાઉ યાદી જાહેર કરવામાં આવશે. ત્યારબાદ કમિશનર શાળાઓની કચેરી ગાંધીનગરની મંજૂરી મળ્યા બાદ છેલ્લી ઓનલાઈન યાદી જાહેર કરવામાં આવશે, જેમાં ફેર-બદલીના હુકમો પણ ઓનલાઈન જ કરવામાં આવશે.

કેમ્પમાં બદલી હુકમ થતાં જ જે-તે શાળાના આચાર્ય અને શિક્ષણ અધિકારીએ શિક્ષણ સહાયક અને મદદનીશ શિક્ષકને છૂટા કરી તે અંગેના હુકમો ઓનલાઈન અપલોડ કરવાના રહેશે.

નોંધનીય છે કે, આ જિલ્લા ફેર-બદલી અંગેની અરજીઓ માટે મેરિટ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવશે. આ મેરિટ પદ્ધતિ મુજબ જે-તે શિક્ષણ સહાયક અને મદદનીશ શિક્ષકને તેમની સેવાના સમયગાળા માટે વધુમાં વધુ ૩૦ પોઈન્ટ્સ, ખાસ કેટેગરી જેવી કે, દિવ્યાંગ/ વિધવા/ ત્યક્તા/ વિધુર માટે ૮ પોઈન્ટ્સ, સચિવાલયના બિન-બદલીપાત્ર કર્મચારીઓને પતિ-પત્નીને સરકારી નોકરીની કેટેગરી માટે પણ ૧૦ પોઈન્ટ્સની જોગવાઈ કરવામાં આવી છે. દિવ્યાંગ શિક્ષકો માટે કે જેઓ ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા હોય, તેઓએ તબીબી પંચનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. દંપતી કેસમાં પતિ-પત્ની જિલ્લા ફેર-બદલી માટે પતિ-પત્નીની નોકરીના કિસ્સમાં શિક્ષણ સહાયક/ મદદનીશ શિક્ષકને પતિ/પત્ની રાજ્ય સેવા/પંચાયત સેવા કે રાજ્યના કોઈ જાહેર સાહસો/ બોર્ડ/ કોર્પોરેશન(નિગમ)/ અનુદાનિત સંસ્થાઓમાં નિયમિત ભરતી પ્રક્રિયા દ્વારા ફિક્સ પગાર કે નિયમિત નિમણૂંકથી નોકરી કરતાં હોય તેને લાગુ પડે છે.આ દંપતીના કિસ્સામાં ૧ માસના કરાર કે આઉટ સોર્સિંગથી નોકરી કરતાં કર્મચારીઓને લાભ નહીં મળે. વિધવા/વિધુર કિસ્સામાં તેઓએ વિધવા/વિધુર હોવા અંગેનું તથા પુનઃલગ્ન ન કર્યા હોવાનું સ્વ-ઘોષણાપત્ર રજૂ કરવાનું રહેશે. આ જિલ્લા ફેરબદલીનો લાભ શિક્ષણ સહાયક/ મદદનીશ શિક્ષકને ફક્ત બે વાર મળી શકશે. શિક્ષકોને પ્રતિ-નિયુક્તિથી અન્ય જગ્યાએ સેવા બજાવવા માટે હુકમ કરવાની સત્તા સરકારની રહેશે.

### ૨૦મી નવેમ્બરે વિધાનસભા ચૂંટણી યોજાશે

# રેલી પહેલાં ચૂંટણી અધિકારીઓએ મારી બેગ તપાસીઃ ઉદ્ધવ ઠાકરે

**ઉદ્ધવનો પ્રશ્નઃ શું ચૂંટણી અધિકારીઓ મોદી કે અન્ય વરિષ્ઠ નેતાઓની બેગની તપાસ કરશે ?**

નવી દિલ્હી, તા.૧૨

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે તમામ પક્ષો જોરશોરથી પ્રચાર અભિયાન ચલાવી રહ્યા છે. આ દરમિયાન નેતાઓ એકબીજા પર આક્ષેપો પણ કરી રહ્યા છે. જોકે, શિવસેના(યુબીટી)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ સોમવારે એક વિચિત્ર દાવો કર્યો છે કે, ''૨૦મી નવેમ્બરે યોજાનાર વિધાનસભા ચૂંટણીના પ્રચાર માટે મહારાષ્ટ્રના યવતમાલ પહોંચવા પર અધિકારીઓએ તેમની બેગની તપાસ કરી હતી.''આ સાથે ભૂતપૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ પ્રશ્ન કર્યો કે, ''શું ચૂંટણી અધિકારી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહ કે મુખ્યમંત્રી એકનાથ શિંદે અને નાયબ મુખ્યમંત્રી અજિત પવાર કે દેવેન્દ્ર ફડણવીસની બેગની તપાસ કરી છે?''ઉદ્ધવ ઠાકરેએ યવતમાલના વાનીમાં શિવસેના(યુબીટી)ના ઉમેદવાર સંજય ડેરકર માટે જાહેરસભા સંબોધિત કરતી વખતે આ કડવા અનુભવ વિશે વાત કરી હતી. શિવસેના(યુબીટી)ના પ્રમુખ ઠાકરેએ કહ્યું કે, ''જ્યારે એ હેલીકોપ્ટર દ્વારા વાની પહોંચ્યા તો કેટલાક ચૂંટણી અધિકારીઓએ તેમની બેગની તપાસ કરી હતી.''આ સાથે ઉદ્ધવ ઠાકરેએ એમ પણ કહ્યું કે ''એ ચૂંટણી અધિકારીઓથી નારાજ નથી, પરંતુ ચૂંટણી અધિકારી પોતાની જવાબદારી નિભાવી રહ્યા છે અને હું મારી જવાબદારી નિભાવીશ.''

### ભારતીય ક્રિકેટ ફેન્સ માટે સારા સમાચાર

# મોહમ્મદ શમીની ટીમમાં વાપસી, વનડે વિશ્વકપ ફાઈનલ બાદ રમશે પ્રથમ મેચ

**બંગાળ ક્રિકેટ સંઘએ આ જાહેરાત કરી છે વનડે વિશ્વકપ બાદ વાપસી કરશે**

નવી દિલ્હી,તા.૧૨

ભારતના સ્ટાર ફાસ્ટ બોલર મોહમ્મદ શમીની લગભગ એક વર્ષ બાદ પ્રોફેશનલ ક્રિકેટમાં વાપસી થશે, જ્યારે તે બુધવારથી ઈન્દોરમાં મધ્યપ્રદેશ વિરુદ્ધ બંગાળ માટે રણજી ટ્રોફી મુકાબલો રમવા ઉતરશે. બંગાળ ક્રિકેટ સંઘએ આ જાહેરાત કરી છે. વનડે વિશ્વકપ બાદ વાપસી કરશે

પાછલા વર્ષે ૧૯ નવેમ્બરે વિશ્વકપ ૨૦૨૩ ફાઈનલ બાદ મોહમ્મદ શમી ક્રિકેટથી દૂર છે. ઈજાને કારણે શમીએ સર્જરી કરાવવી પડી અને તે લાંબા સમયથી વાપસીનો પ્રયાસ કરી રહ્યો છે. તેનું લક્ષ્ય બેંગલુરૂમાં બીસીસીઆઈના સેન્ટર ઓફ એક્સલેન્સમાં રિહેબિલિટેશન બાદ મેચ સ્થિતિમાં મેચ ફિટનેસ સાબિત કરવા પર હશે.

બુધવારથી મેદાનમાં ઉતરશે શમી બંગાળ ક્રિકેટ સંઘના સચિવ નરેશ ઓઝાએ કહ્યું- ભારતીય ક્રિકેટ ટીમ અને બંગાળનો બોલર મોહમ્મદ શમી બુધવારે રણજી ટ્રોફી મુકાબલામાં મધ્યપ્રદેશ સામે મેદાનમાં ઉતરશે. આ મેચ ઈન્દોરમાં રમાશે. એટલે કે શમી ઈજા બાદ પોતાની પ્રથમ મેચ રમશે.

ઓઝાએ કહ્યુ કે મોહમ્મદ શમી બંગાળના ફાસ્ટ બોલિંગ આક્રમણની આગેવાની કરશે અને ઓસ્ટ્રેલિયામાં રહેલા ભારતના થિંક ટેન્કની નજર પણ તેના પ્રદર્શન પર રહેશે. ભારતે ઓસ્ટ્રેલિયામાં બોર્ડર-ગાવસ્કર ટ્રોફી માટે જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ સિરાજનો સાથ આપવા માટે આકાશ દીપ, હર્ષિત રાણા, નિતીશ કુમાર રેડ્ડી અને પ્રસિદ્ધ કૃષ્ણા જેવા બિનઅનુભવી બોલરો પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

મુકેશ કુમાર, નવદીપ સૈની અને ખલીલ અહમદ પણ રિઝર્વ ખેલાડીઓમાં સામેલ છે, પરંતુ તેને ટેસ્ટ ક્રિકેટનો વધુ અનુભવ નથી. શમીએ ૨૦૧૮-૨૦૧૯માં ઓસ્ટ્રેલિયાના પ્રવાસ પર ભારતની ૨-૧થી જીતમાં મહત્વની ભૂમિકા નિભાવતા ૧૬ વિકેટ ઝડપી હતી.

### સમૃદ્ધ રાજ્યની પાલિકા બની દેવાદાર

# ગુજરાતમાં ૫૭ નગરપાલિકાએ ૩૧૧ કરોડ રૂપિયાનું વીજ બિલ ભર્યું નથી

**રાજ્યમાં નગરપાલિકાઓની એવી દશા છે કે, વીજ બિલ ભરવાના પણ ફાંફા છે અને પાલિકાની આ સ્થિતિનો ભોગવટો જનતા પર આવશે**

અમદાવાદ,તા.૧૨

અણઘડ વહીવટને કારણે ગુજરાતમાં નગરપાલિકાઓની આર્થિક સ્થિતિ ડામાડોળ થઈ છે. મોટાભાગના પાલિકાઓની તિજોરી ખાલીખમ થઈ છે. રાજ્યમાં નગરપાલિકાઓની એવી દશા છે કે, વીજ બિલ ભરવાના પણ ફાંફા છે અને પાલિકાની આ સ્થિતિનો ભોગવટો જનતા પર આવશે. જી હાં, તમને વિશ્વાસ નહીં આવે પરંતુ, સમૃદ્ધ રાજ્ય ગણાતા ગુજરાતમાં ૫૭ નગરપાલિકાએ ૩૧૧ કરોડ રૂપિયાનું વીજ બિલ ભર્યું નથી. કેમ પાલિકાની સ્થિતિ આવી ડામાડોળ છે અને શા માટે પાલિકાઓનું દેવાળું ફૂંકાયું છે.

ગુજરાત રાજયને સમુદ્ધ રાજ્યોમાંથી એક ગણવામાં આવે છે. પરંતુ શું આ સમુદ્ધ રાજયની નગરપાલિકાઓ સમુદ્ધ છે? અવારનવાર તંત્ર સાથે સરકારની અણવ્યવસ્થાના કિસ્સા સામે આવતા હોય, ત્યારે આ વખતે ગુજરાતની ૫૭ નગરપાલિકાની તિજોરી તળીયા જાટક થઈ ગઈ છે. ૫૭ નગરપાલિકા પર ૩૧૧ કરોડનું વીજ બિલ બાકી છે. જે ભરવાના નગરપાલિકા પાસે રૂપિયા નથી.

જો સમયસર વીજ બિલ નહીં ભરાય તો, કેટલાંય શહેરોમાં સ્ટ્રીટલાઈટ બંધ થઈ જાય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.. આ પરથી ગુજરાતના ફૂલગુલાબી વિકાસનો પરપોટો ફૂટ્યો છે. ઈન્ડસ્ટ્રીઅલ વિસ્તાર ગણવામાં આવતા મોરબીમાં ચાર નગરપાલિકા છે. જો કે ચારમાંથી ૩ નગરપાલિકાએ જાણે નાદારી નોંધાવી હોય તેમ વીજબિલ ભરવામાં પણ અક્ષમ હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. મોરબી, હળવદ અને માળીયા પાલિકા દ્વારા છેલ્લા અને સમયથી લોકો પાસે ટેક્સ વસૂલી છતાં ૨૭ કરોડ રૂપિયાનું વીજબીલ બાકી છે.

પાછલા ઘણા વખતથી કેટલીક નગરપાલિકાઓ આર્થિક પરિસ્થિતી ડામાડોળ બની છે કેમકે, વેરાની આવક ઘટી છે. વીજ બિલના નાણાં લાવવા ક્યાંથી છે એ સવાલ ઊભો થયો છે.. કઈ કઈ પાલિકાના કેટલા નાણાં બાકી છે તેના વિશે વાત કરીએ તો,

- ● સાવરકુંડલા પાલિકાનું ૪૬.૧૮ કરોડ..
- ● ભૂજ પાલિકાનું ૪૨.૨૨ કરોડ..
- ● ભચાઉ નગરપાલિકાનું ૧૭.૭૦ કરોડ..
- ● ધાંગધ્રા નગરપાલિકાનું ૧૪.૫૯ કરોડ..
- ●હળવદ નગરપાલિકાનું ૧૩.૭૦ કરોડ..
- ●ગોધરા નગરપાલિકાનું ૧૨.૯૪ કરોડ..
- ● બાવળા પાલિકાનું ૭.૫૭ કરોડ..
- ● ડીસા પાલિકાનું ૮.૯૩ કરોડ..
- ● કલોલ પાલિકાનું ૯.૮૭ કરોડ..
- ● બાબરા પાલિકાનું ૮.૨૯ કરોડ..
- ● માંડવી પાલિકાનું ૬.૨૨ કરોડ..
- ● મોરબી પાલિકાનું ૮.૫૭ કરોડ..
- ● નડિયાદ પાલિકાનું ૫.૩૮ કરોડ..
- ● દહેગામ નગરપાલિકાનું ૫.૦૧ કરોડ..
- ● અને માંગરોળ નગરપાલિકાનું ૪.૧૯ કરોડ..

અણઘડ વહીવટને કારણે ગુજરાતમાં મોટાભાગની નગરપાલિકાઓના લાખો-કરોડો રૂપિયા વીજ બિલ બાકી છે.. પાણી સહિત વિવિધ વેરો વસૂલવામાં પાલિકાનું તંત્ર કડકાઈ દાખવતું નથી તેનું કારણ એ છે કે, ચૂંટાયેલી પાંખના જનપ્રતિનીધિ વેરા માટે પઠાણી ઉઘરાણી કરતાં રોકે છે. આ જોતાં પાલિકા માટે આવકનું કોઈ સ્રોત નથી. મહત્વની વાત એ છેકે, વેરાની રકમ વધારવા માટે પણ સૂચન કરાયું છે પણ ચૂંટણીઓને પગલે આ વાત સરકાર ખુદ અમલ કરવાના મતમાં નથી. આ ઉપરાંત ગ્રામ પંચાયતોમાં વીજ બિલ માફ છે જ્યારે પાલિકાએ વીજ બિલ ભરવું પડે છે..

વીજ બિલ ભરવા અસક્ષમ નગરપાલિકાઓની એવી દશા થઈ છે કે, આ નગરપાલિકાઓએ હવે સરકારમાં દરખાસ્ત રજૂ કરીને ૪ ટકા વ્યાજે લોન લેવી પડશે. વ્યાજે લોન લઈને વીજ બિલ ભરવું પડે તેવી સ્થિતી સર્જાઈ છે. વીજકંપનીનું કહેવું છે કે, જો સમયસર વીજ બિલ ભરવામાં નહીં આવે તો સ્ટ્રીટલાઈટ બંધ થઈ જતાં ગુજરાતના કેટલાંય શહેરોમાં અંધકાર છવાઈ જશે.

### ૧૫ જિલ્લાની ૪૩ બેઠકો માટે મતદાન થશે

# ઝારખંડમાં પ્રથમ તબક્કાની ચૂંટણીનાં પ્રચાર-પડઘમ શાંત

**ઝારખંડની ચૂંટણીના પ્રથમ તબક્કાની લોકપ્રિય બેઠકોમાં સરાયકેલા, રાંચી, જમશેદપુર પશ્ચિમ, જગન્નાથપુર અને જમશેદપુર પૂર્વનો સમાવેશ થાય છે**

નવી દિલ્હી, તા.૧૨

ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાની ચૂંટણી માટે પ્રચાર પડઘમ સોમવારે સાંજે શાંત થઈ ગયા છે. અહીં બુધવારે (૧૩ નવેમ્બર) પ્રથમ રાઉન્ડમાં ૧૫ જિલ્લાની ૪૩ બેઠકો માટે મતદાન થશે. આ સાથે જ પ્રથમ તબક્કામાં ચૂંટણી લડનારા તમામ ૬૧૩ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં સીલ થશે. પ્રથમ રાઉન્ડમાં સૌથી વધુ છ બેઠકો પૂર્વ સિંઘભૂમ જિલ્લામાં છે. આ પછી, પલામુ, પશ્ચિમ સિંઘભૂમ અને રાંચી જિલ્લામાં દરેક પાંચ વિધાનસભા બેઠકો છે, જ્યાં બુધવારે મતદાન છે. ઝારખંડની ચૂંટણીના પ્રથમ તબક્કાની લોકપ્રિય બેઠકોમાં સરાયકેલા, રાંચી, જમશેદપુર પશ્ચિમ, જગન્નાથપુર અને જમશેદપુર પૂર્વનો સમાવેશ થાય છે. ખાસ ચહેરાઓની વાત કરીએ તો પૂર્વ મુખ્યમંત્રી ચંપાઈ સોરેન સરાઈકેલા સીટ પરથી ચૂંટણી લડી રહ્યા છે. પૂર્વ મુખ્યમંત્રી ઓગસ્ટમાં ઝારખંડ ચૂંટણી પહેલા ભાજપમાં જોડાયા હતા.

જમશેદપુર પશ્ચિમમાં કોંગ્રેસના સ્વાસ્થ્યમંત્રી બન્ના ગુપ્તા ત્નદ્ઢે નેતા સરયૂ રોયનો સામનો કરી રહ્યા છે. જમશેદપુર પૂર્વમાં કોંગ્રેસના અજોય કુમાર પૂર્વ મુખ્યમંત્રી રઘુબર દાસના પુત્રવધૂ પૂર્ણિમા દાસ સામે ભાજપના ઉમેદવાર છે. જગન્નાથપુરમાં પૂર્વ મુખ્યમંત્રી મધુ કોડાની પત્ની અને ભાજપના ઉમેદવાર ગીતા કોડાનો મુકાબલો કોંગ્રેસ નેતા સોના રામ સિંકુ સાથે થશે. તે જ સમયે, રાંચી સીટ પર ૧૯૯૬થી ધારાસભ્ય અને ભાજપના વરિષ્ઠ નેતા ચંદેશ્વર પ્રસાદ સિંહ (સીપી સિંહ) ઝારખંડ મુક્તિ મોરચાના વર્તમાન રાજ્યસભા સાંસદ મહુઆ માજીનો સામનો કરી રહ્યા છે.

# વાવ વિધાનસભા બેઠક માટે ૧૯૨ મતદાન મથક કેન્દ્રો પરના ૩૨૧ મતદાન મથકો પર યોજાશે મતદાન

વાવ,તા.૧૨

૦૭-વાવ વિધાનસભા બેઠક માટે પેટાચૂંટણી માટે તા.૧૩ નવેમ્બર, ૨૦૨૪ના રોજ મતદાન યોજાશે. વાવ વિધાનસભા મતદાર વિભાગ માટે ભરાયેલા કુલ ૨૧ ઉમેદવારો પૈકી ચકાસણી અને ફોર્મ પાછા ખેંચાવાની પ્રક્રિયા બાદ કુલ દસ (૧૦) ઉમેદવારો વચ્ચે યોજાનાર ચૂંટણીમાં ૩.૧૦ લાખ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

ગુજરાતની ૦૭-વાવ વિધાનસભા મતવિસ્તારના વિવિધ ૧૯૨ મતદાન મથક કેન્દ્રો પર આવેલા કુલ ૩૨૧ પોલીંગ સ્ટેશન પર સવારે ૦૭.૦૦ થી સાંજના ૦૬.૦૦ કલાક સુધી મતદાન યોજાશે. જેના માટે ૩૨૧ બેલેટ યુનિટ, ૩૨૧ કંટ્રોલ યુનિટ અને ૩૨૧ વીવીપેટનો ઉપયોગ કરવામાં આવશે.

મતદાન મથકો ખાતે કુલ ૧,૪૧૨ જેટલા અધિકારીશ્રી/ કર્મચારીઓ ફરજ બજાવશે. વાવ વિધાનસભાની ચૂંટણીમાં ૧,૬૧,૨૯૬ પુરૂષ, ૧,૪૯,૪૭૮ સ્ત્રી અને ૦૧ થર્ડ જેન્ડર મળી કુલ ૩,૧૦,૭૭૫ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. તા.૨૩ નવેમ્બર, ૨૦૨૪ના રોજ મતગણતરી બાદ પરિણામની જાહેરાત કરવામાં આવશે.

### વકીલોના એસો. દ્વારા થયેલી રજૂઆત બાદ નિર્ણય લેવાયો

# પોલીસ દ્વારા વકીલોના અપમાન મુદ્દે બાર કાઉન્સિલ CM સમક્ષ રજૂઆત કરશે

**સીટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટના બારના પ્રમુખ, હોદ્દેદારો અને વકીલ મિત્રો સાથે નગરદેવી ભદ્રકાળીના દર્શન કરીને કામકાજની શરૂઆત કરાવી હતી**

અમદાવાદ,તા.૧૨

પોલીસ અને વકીલો વચ્ચે હંમેશાંથી ચકમક થતી રહેતી હોય છે અને અનેકવાર જ્યારે વકીલોને તેમના અસીલ સાથે અથવા તેમના વતી પોલીસ સ્ટેશન જવાની ફરજ પડતી હોય ત્યારે પોલીસ દ્વારા અપમાન થતાં હોવાના કિસ્સા પણ બને છે. જે અંગે અવાર નવાર રાજ્યના જુદાજુદા વકીલ એસોસિએશન દ્વારા બાર કાઉન્સિલ ઓફ ગુજરાત સમક્ષ રજૂઆત થતી રહે છે. જેના પગલે આજે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે. પટેલે જણાવ્યું હતું કે,'આ મામલો ગંભીર છે અને વકીલોનું માન-સન્માન જળવાય એ જરૂરી છે. તેથી પોલીસ સ્ટેશનો અથવા અન્ય કોઈ વહીવટી અધિકારીઓ દ્વારા તેમના અપમાન થતાં હોવાના મામલે મુખ્યમંત્રી સમક્ષ બાર કાઉન્સિલના અને વકીલમંડળના હોદ્દેદારો દ્વારા રજૂઆત કરવામાં આવશે.' તેમણે જણાવ્યું હતું કે,'બાર કાઉન્સિલ સમક્ષ અનેક વાર વકીલોની ફરિયાદ આવતી હોય છે કે પોલીસ સ્ટેશનમાં પોલીસ કર્મચારીઓ દ્વારા તેમનું અપમાન કરવામાં આવે છે. સામાન્ય સંજોગોમાં વકીલો પોલીસ સ્ટેશનમાં જવાનું ટાળતાં હોય છે, પરંતુ ખાસ કિસ્સામાં વકીલો તેમના અસીલની રજૂઆતો યોગ્ય રીતે થાય એ સુનિશ્ચિત કરવા પોલીસ સ્ટેશનમાં જાય છે. ત્યારે કાયદા મુજબ વાત કરવાના બદલે ઘણીવાર પોલીસ વકીલોને હડધૂત કરે છે. કોઈ પણ મામલે કોઈ વ્યક્તિનું જાહેરમાં અપમાન થવું જોઈએ નહીં. તેથી આ બાબતે અમે ટૂંક સમયમાં જ મુખ્યમંત્રીને રજૂઆત કરીશું.' આ તરફ દિવાળીના વેકેશન બાદ આજથી અમદાવાદની સીટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ ખાતે ખાનગી વકીલોએ વિધિવત કામગીરી શરૂ કરી છે. જેમાં આજે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન દ્વારા અમદાવાદ સીટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટના બારના પ્રમુખ, હોદ્દેદારો અને વકીલ મિત્રો સાથે નગરદેવી ભદ્રકાળીના દર્શન કરીને કામકાજની શરૂઆત કરાવી હતી. કોર્ટમાં પ્રવેશતા વકીલોને મોઢું મીઠું કરાવીને સ્વાગત કરાયું હતું. નગર દેવી ભદ્રકાળીના દર્શન કરીને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન દ્વારા જણાવવામાં આવ્યું હતું કે પોલીસ અધિકારી અને વહીવટી અધિકારીઓ દ્વારા વકીલોના અપમાન અને કનડગતને લઈને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રજૂઆત કરાશે. સાથે જ વકીલો સાથે તાજેતરમાં બનેલી ઘટનાઓની પણ રજૂઆત કરવામાં આવશે. આવનારા સમયમાં ઓલ ઈન્ડિયા બારની પરીક્ષા યોજાવવાની છે. જેમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા તાજેતરમાં જ પાંચ હજાર જેટલા વકીલોને પ્રોવિઝનલ સનદ આપવામાં આવી હતી. ઉપરાંત વકીલોના માંદગી સહાયમાં પણ વધારો કરવામાં આવ્યો હતો. મ્ઝ્યના ચેરમેન દ્વારા સૌ વકીલોના સ્વાસ્થ્યની કુશળ કામના કરીને કાઉન્સિલ દ્વારા તેમના ભલાર્થે કામ કરવાનું આશ્વાસન આપવામાં આવ્યું હતું.

### વેકેશનની અસર

# સુરતની બ્લડ બેન્કમાં તમામ ગ્રુપના લોહીની સર્જાઈ અછત

**સામાજિક સંસ્થાઓને રક્તદાન કેમ્પના આયોજનો કરવા અને લોકોને વ્યક્તિગત રક્તદાન માટેની અપીલ કરાઈ**

સુરત,તા.૧૨

દિવાળીના વેકેશનની અસર સુરતના વેપાર ધંધાને તો થઈ જ છે પરંતુ સૌથી વધુ અસર શહેરની તમામ બ્લડબેંકને થઈ છે. તહેવારો અને ત્યારપછી રજાના દિવસોને કારણે શહેરની તમામ મોટી બ્લડબેક્માં અને સામાજિક સ્તરે પણ રક્તદાન કેમ્પના આયોજનો નહીં થતા લોહીની અછત સર્જાય છે. લોકોને રક્તદાન કરવા માટેની અપીલ કરવામાં આવી છે.સુરત રક્તદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટરના નિતેશ મહેતાએ જણાવ્યું કે, દરવર્ષે દિવાળીનાં તહેવારો અને વેકેશનનાં માહોલમાં સ્વૈચ્છિક રકતદાન શિબિરોનાં આયોજનો ખૂબ જ ઓછા પ્રમાણમાં થતાં હોય છે. છેલ્લા ૧૫ દિવસમાં ફક્ત ચાર રક્તદાન શિબિર યોજાઈ છે. આને લીધે લોહીના તમામ ગ્રુપની અછત ઊભી થઈ છે. હાલમાં રક્તનાં તમામ ગ્રુપોની અછતમાં ખાસ કરીને એ પોઝિટિવ અને એ-બી પોઝિટિવની તીવ્ર અછત જોવા મળી રહી છે. જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર રક્ત મળી રહે અને લોહીની અછતને સંપૂર્ણપણે નિવારી શકાય તે હેતુસર તમામ સેવાભાવી સંસ્થાઓ, મંડળોને રકતદાન શિબિરોનાં આયોજનો ગોઠવવા અને સ્વૈચ્છિક રક્તદાતાઓને રકતદાન કરવા અપીલ કરવામાં આવી છે. દર મહિને સરેરાશ ૨૫૦૦ યુનિટ રક્ત એકત્રિતકરણની સામે નવેમ્બરમાં દિવાળી વેકેશનને લીધે એવરેજ માત્ર ૮૦૦ થી ૯૦૦ રક્ત યુનિટ જ બ્લડ એકત્રિત થયું છે.લોક સમર્પણ બ્લડ બેક્ના હરિભાઈ કથીરીયાએ જણાવ્યું હતું કે, દર વર્ષની જેમાં આ વર્ષે પણ તમામ ગ્રુપના બ્લડની અછત વર્તાઈ રહી છે. જેથી દર્દીઓની જીંદગી બચાવવા સ્વૈચ્છિક રક્તદાન કરવા અપીલ કરી છે. આ સાથે સ્મીમેર અને સિવિલ હોસ્પિટલમાં પણ બનાવાયેલી બ્લડ બેક્માં લોહીની અછત વર્તાઈ રહી છે.

### ૨૫ વર્ષથી ગણિત વિષય પદ્ધાતિના અધ્યાપક તરીકે કાર્યરત છે

# ગુજરાત ગણિત મંડળના પ્રમુખ તરીકે ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ ડો. હર્ષદ પટેલની વરણી

**૬૧ મા વાર્ષિક અધિવેશનમાં સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૫ માટે ગુજરાત ગણિત મંડળના પ્રમુખ તરીકે ડો. હર્ષદ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી**

અમદાવાદ,તા.૧૨

ગુજરાત ગણિત મંડળના પ્રમુખ તરીકે ગૂજરાત વિદ્યાપીઠ કુલપતિ અને ગણિત શિક્ષણ પધ્ધતિના અધ્યાપક ડો. હર્ષદ પટેલની વર્ષ ૨૦૨૫ માટે વરણી કરવામાં આવી છે.અમરેલી ખાતે યોજાયેલ ગુજરાત ગણિત મંડળના ૬૧ મા વાર્ષિક અધિવેશનમાં સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૫ માટે ગુજરાત ગણિત મંડળના પ્રમુખ તરીકે ડો. હર્ષદ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. હર્ષદ પટેલ ગુજરાત ગણિત મંડળના આજીવન સભ્ય છે તથા તેઓ ૨૫ વર્ષથી ગણિત વિષય પધ્દાતિના અધ્યાપક તરીકે કાર્યરત છે.

તેઓએ ગણિતને આનંદમય અને સરળ ભાષામાં વ્યક્ત કરતા ' મજાનું ગણિત ' દ્વિમાસિકના સંપાદક તરીકે કાર્ય કર્યુ છે. સુગણિતમ અને ગણિત મંડળની પ્રવૃત્તિઓ સાથે વર્ષોથી જોડાયેલા છે. તેઓ શ્રી પ્ર. ચુ. વૈધ, શ્રી ફાધર વાલેસ, શ્રી એ. આર. રાવ અને શ્રી અરુણ વૈધના ગણિતજ્ઞોના પ્રદાનના સંવાહક રહ્યા છે.

# અમરેલી જિલ્લામાં તંત્રની મીઠ્ઠીનજરતળે રેતી ચોરીનું કરોડો રૂપિયાનું કૌભાંડ ?

# લીલીયામોટાનાં ભેંસવડી ગામે શેત્રુંજી નદીમાંથી ખુલ્લેઆમ રેતી ચોરી

**રાઉન્ડ ધ કલોક ટ્રેકટર, ડમ્પર અને લોડરની મદદથી હજારો ટન રેતીની ચોરી**

**રેતી ચોરી કરીને અનેક રોડપતીઓ કરોડપતી બની ગયા તો ભ્રષ્ટ કર્મચારીઓને પણ જલ્સા**

**મહિલા સરપંચ મંજુલાબેન ઠુંમરે જિલ્લા કલેકટરને પત્ર પાઠવી રેતી ચોરી બંધ કરાવવા માંગ કરી**

**રાજયનાં મુખ્યમંત્રી ઉચ્ચકક્ષાએથી તપાસ કરાવે તો મહાકાય કૌભાંડ ઝડપાઈ શકે તેમ છે**

અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લામાં છેલ્લા એકાદ દાયકાથી દર વર્ષે લાખો ટન રેતીની ચોરી શેત્રું નદીમાંથી તંત્રની મીઠ્ઠીનજરતળે કરીને અનેક રોડપતી કરોડપતી બની ગયા તો ભ્રષ્ટ સરકારી કર્મીઓની બેનામી સંપત્તિમાં પણ જબ્બરો ઉછાળો આવ્યો છતાં પણ રાજય સરકારને મહાકાય કૌભાંડ ધ્યાને આવતું નથી.



દરમિયાનમાં લીલીયા તાલુકાના ભેંસવડી ગ્રામ પંચાયતના સરપંચ મંજુલાબેન ભરતભાઈ ઠુંમર દ્વારા અમરેલી કલેકટરને પત્ર પાઠવી ખનીજ ચોરી અટકાવવા બાબત રજૂઆત કરવામાં આવેલ છે.

પત્રમાં જણાવેલ કે, લીલીયા તાલુકાના ભેંસવડી ગામે ગેરકાયદેસર રેતી ખનીજ ચોરી શેત્રુંજી નદીમાંથી થઈ રહી છે જેની અવારનવાર રજૂઆત પણ કરવામાં આવેલ હોય. તાજેતરમાં દિવાળીની રજામાં મોટા ડમ્પર તેમજ ટ્રેકટર મારફત ૪૦થી ૫૦ ટન વજનના રેતી ભરીને પુર ઝડપે ચલાવતા હોય જેમાં ભેંસવડી-લીલીયા માર્ગ સંપૂર્ણ

**અનુસંધાન પાના ૬ ઉપર**

**તસ્કરો રોકડ, દાગીના ન મળે તો ગમે તેની કરે ચોરી**

## લ્યો બોલો : કાળઝાળ મોંઘવારીમાં તસ્કરોએ ૨ લાખ રૂપિયાની કિંમતની 3 ભેંસની કરી ચોરી

**વડિયાનાં ઢુંઢીયા પીપરીયા ગામની ઘટના**

અમરેલી, તા. ૧૨

સામાન્ય રીતે તસ્કરો કિંમતી આભૂષણો, રોકડ રકમ, વાહનો અથવા તો કિંમતી ચીજવસ્તુઓની ચોરી કરી લઈ જતાં હોય છે. ત્યારે હવે તસ્કરોને કોઈ કિંમતી ચીજ વસ્તુઓ કે રોકડ રકમ નહીં મળતાં આવા તસ્કરો હવે હાથ લાગે તે ચોરી કરીને લઈ જતાં હોય. આવો જ એક બનાવ વડીયા તાલુકાના ઢુંઢીયા પીપળીયા ગામે બનેલ છે. જેમાં કોઈ અજાણ્યા ચોર ઈસમ ત્રણ જેટલી રૂપિયા બે લાખથી પણ વધુની કિંમતની ભેંસ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

આ બનાવમાં વડીયા તાલુકાના ઢુંઢીયા પીપળીયા ગામે રહેતા રહેતા અને ખેતી કામ કરતાં કમલેશભાઈ નાનજીભાઈ પાઘડાળ નામનાં ૪૦ વર્ષિય ખેડૂતે પોતાની વાડીએ ફરજામાં ગત તા. ૨૯/૧૦ ના રોજ સાંજે ૭ વાગ્યાના સમયથી થી તા. ૩૦/૧૦ના રોજ સવારે ૭ વાગ્યા દરમ્યાન રાત્રી સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમે વાડીમાં પ્રવેશ કરી

**અનુસંધાન પાના ૬ ઉપર**

**શહેરના માર્ગો સુંદર રહે તો કોઈની નજર લાગી જાયને એટલે**

## અમરેલીમાં ટ્રાફિકથી ધમધમતા ભીડભંજન ચોકમાં પાલિકાએ રાબેતા મુજબ સિમેન્ટ રોડમાં ખાડો કર્યો

**માર્ગમાં ખાડાને લઈને રાહદારીઓ અને વાહનચાલકો પરેશાન**



અમરેલી, તા. ૧૨

અમરેલીના સતત ટ્રાફિકથી ધમધમતા અને નાનું બસ સ્ટેન્ડ જયાં આવેલું છે તે ભીડભંજન ચોકમાં પાલિકા દ્વારા રીપેરીંગ તથા પાણીની પાઈપ લાઈન જોડાણના નામે તાજેતરમાં બનાવાયેલા સિમેન્ટ રોડ ઉપર એકી સાથે બે જગ્યાએ રોડ ખોદી મસમોટા ખાડા કરી નાંખતા ત્યાંથી પસાર થતી એસ.ટી.

**અનુસંધાન પાના ૬ ઉપર**

**પૂર્વ સાંસદની રજૂઆત અને મીડિયાનાં અહેવાલ બાદ**

## અંતે અમરેલીનાં લીલીયા માર્ગમાં ડાયવર્ઝનમાંથી ઉડતી ધૂળની ડમરીઓ દૂર કરવાની કામગીરી કરાઈ

**સ્થાનિક રહેવાસીઓ અને વાહન ચાલકોમાં રાહતની લાગણી જોવા મળી**

અમરેલી, તા. ૧૨

અમરેલીના પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા દ્વારા માર્ગ અને મકાન વિભાગ સ્ટેટને કરવામાં તાકીદ અને મીડીયામાં કરવામાં આવેલ પ્રેસના પગલે ફકત બે દિવસની અંદર જ અમરેલી લીલીયા માર્ગ પર આવેલ અમરેલી શહેરના લીલીયા ચોકડીથી દાદા ભગવાન મંદિર વાળા વિસ્તાર તેમજ ડાઈવર્ઝન ઉપર એજન્સી દ્વારા પેવર કામ કરવામાં આવેલ છે. જો કામ કરવાની અને કામ કરાવવાની ઈચ્છા



શકિત હોય તો કામ થઈ જ શકે તેનું ઉતમ ઉદાહરણ પૂર્વ સાંસદ કાછડીયાએ પુરૂ પાડેલ છે અને એટલે જ લોકોમાં તેમની છાપ ૧૦૮ તરીકેની છે. જે મેથડથી કામ લેવાની પહેલા ટેવ હતી તે જ મેથડથી આજે પણ તેઓ કામ લઈ રહયા છે.

વિગત એવા પ્રકારની હતી કે, અમરેલી શહેરની અંદર લીલીયા

**અનુસંધાન પાના ૬ ઉપર**

**ફરજનાં ભાગરૂપે વાહન ચેકીંગ કરતાં હોય**

## વીજપડીનાં લોકરક્ષકની ફરજ બજાવનારને છરી બતાવી ધમકી અપાઈ

**સ્થાનિક પોલીસમાં 3 ઈસમો વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૧૨

સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના વીજપડી આઉટ પોસ્ટ ખાતે આર્મ લોકરક્ષક તરીકે ફરજ બજાવતા અબાયુનુસ રજાકભાઈ મસ્તકી ગત તા. ૧૧ના રોજ તેમની કાયદેસરની ફરજના ભાગરૂપે વાહન ચેકીંગ કરી રહયા હતાં. ત્યારે વીજપડી ગામે રહેતા ઈનાયત ફીરોઝભાઈ ચૌહાણ, જાવેદભાઈ ઈનુસભાઈ શેખ તથા એક અજાણ્યા ઈસમે મોટર સાયકલ ઉભુ રખાવતા આરોપીઓને સારૂ નહી લાગતા પોલીસ કર્મી સાથે ઝપાઝપી કરી ઢીકાપાટુંનો માર મારી મૂંઢ ઈજા કરી હતી. આરોપીઓએ કમરમાંથી છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપીઓએ કાયદેસરની ફરજમાં રૂકાવટ કરવા સ્વૈચ્છાપૂર્વક વ્યથા કરી છરી બતાવી હથિયારબંધી જાહેરનામાનો ભંગ કાર્યની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.








અમરેલી એક્સપ્રેસ
એજન્સી આપવાની છે...
અમરેલી જિલ્લાનાં લાઠી, દામનગર, ચિતલ, સા.કુંડલા રાજુલા, વીજપડી, ધારી, ચલાલા, વડિયા, માં 'અમરેલી એક્સપ્રેસ' દૈનિકની એજન્સી આપવાની છે, એજન્સી માટે ઈચ્છુક ઉમેદવારોએ રૂબરૂ સંપર્ક કરવો.
સંપર્ક
મનોજ રૂપારેલ - તંત્રી
મો.૯૮૨૫૦ ૦૭૪૪૩
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ - અમરેલી





*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)